# બુદ્ધ શંકર માર્ક્સ ગાંધી




દાદા ધર્માધિકારી અને વિનોબા

યજ્ઞ પ્રકાશન

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

# બુદ્ધ-શંકર-માર્ક્સ-ગાંધી

C

TOCK - 2008

દાદા ધર્માધિકારી : વિનોબા ભાવે

સંપાદક : પ્રબોધ ચોકસી

[illegible]-૩૮

યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા-૧

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | બુદ્ધ–શંકર–માર્ક્સ–ગાંધી | દાદા ધર્માધિકારી | ૯ |
| ૨. | કરુણા–વૈરાગ્ય–વિજ્ઞાન–કર્મ | વિનોબા | ૪૯ |
| ૩. | વિદ્યા–વ્રત–સર્વસેવા | ,, | ૫૫ |
| ૪. | મહામુનિ માર્ક્સ અને તેના શિષ્યો | ,, | ૬૩ |


★

३९९८२५


પ્રથમ આવૃત્તિ : માર્ચ '૫૮ ૫૦૦૦

પુનર્મુદ્રણ ,, : માર્ચ '૬૨ ૨૦૦૦

,, ,, : ઑગસ્ટ '૬૩ ૩૪૦૦

,, ,, : નવેમ્બર '૬૮ ૩૦૦૦


પચાસ પૈસા


પ્રકાશક :

કાંતિ શાહ,

યજ્ઞ પ્રકાશન,

હુજરાતપાગા,

વડોદરા

મુદ્રક :

જયંતીલાલ સી. શાહ

આચાર્ય પ્રિં. પ્રેસ,

પાણી દરવાજા,

વડોદરા

# ....અત્ર પંચમમ્

**આચાર્ય** દાદા ધર્માધિકારી બીજી વાર ગૂજરાતને સળંગસૂત્ર વ્યાખ્યાનમાળાનો લાભ આપવા વડોદરા આવતા હતા. ૧૯૫૩ ના નવેમ્બરમાં ભરૂચ, વડોદરા, સાબરકાંઠા અને મહેસાણામાં બબ્બે દિવસના શિબિરોના અંગદફૂદકા સહિત દાદાનાં વ્યાખ્યાનો થયેલાં. ત્યારે જ લાગ્યું કે દાદાને સળંગસૂત્ર ઘણુંબધું કહેવાનું છે. પણ જુદે જુદે સ્થળે જુદા જુદા શ્રોતાઓ સમક્ષ બોલવું પડતું હોવાથી વકતવ્ય ગૂંગળાય છે. એટલે ૧૯૫૪ ના પુરી સંમેલનમાં અમે દાદા પાસે ગૂજરાતમાં સાત દિવસની સળંગ વ્યાખ્યાનમાળા આપવાનું સ્વીકારાવીને એક સત્કૃત્યમાં નિમિત્ત રૂપ થયાનો સંતોષ પ્રાપ્ત કર્યો. આ કૃત્યને અન્વયે તેઓ ઑગસ્ટ ૧૯૫૪ માં સાબરમતી વિચાર-શિબિરમાં આવ્યા ત્યારે તેની પાછળ ખ્યાલ એ હતો કે દાદા પાસે સર્વોદયનાં વિવિધ પાસાંઓ વિશે જે કાંઈ વિચારધન છે તેનું શાસ્ત્રસંમત રીતે હરણ કરી લેવું. અમે ખુદ દાદાને પણ લાડના ઓઠાં નીચે એવો જાસો આપી દીધેલો કે જે જે દાદા જેટલું હોય તેટલું ખાલવી નાખજો, જેથી શિબિરને બીજે દિવસે પણ જો ન કરે નારાયણ અને વિષ્ણુદૂતો કયાંક તેડવા આવી ચડયા તો અમારા હકનું ને તમારા મનનું મનમાં કશુંયે રહી ન જાય !

સાબરમતીનાં એ અમર ભાષણો ૧૦૦–૧૫૦ શિબિરવાસીઓ અને સેંકડો બીજા જિજ્ઞાસુઓએ સાંભળ્યાં અને કર્મઠ ગૂજરાતી હોવાના કારણે અમારી જેમ તેમનેય સૌને એ અઢાર વ્યાખ્યાનો ગીતાના અઢાર અધ્યાય જેટલાં જ 'સરળ' લાગ્યાં અને તત્કાલ 'પૂરેપૂરાં સમજાઈ' ગયાં ! તેમ છતાં અમારી અને તેઓની શીઘ્ર બુદ્ધિને શંકાનો લાભ આપવો જોઈએ તે તો જાણે ઠીક, પણ હજારોને તેનો લાભ તો આપવો જ જોઈએ એવી લોકસંગ્રહની કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઈને અમે તેને લિપિબદ્ધ કરવાનું મુનાસબ માની લીધું. ધ્વનિલેખનયંત્રને પ્રતાપે તે તો જો કે ઝડપથી બની શકયું, અને પૂજ્ય દાદા પાસે તેનું સંપાદન કરાવી લેવાનું પણ દોઢેક વર્ષમાં આટોપી લઈ શકાયું...પણ હવે 'વિચારક્રાંતિ'માં એ પ્રવચનો મંથરગતિથી ગ્રંથસ્થ થઈ રહ્યાં છે. બીજો ખંડ આ પુસ્તિકાની સાથે જ છપાય છે.

બીજી વાર વડોદરા દાદા આવી રહ્યા હતા, તે વખતે તેઓ પાસેથી શું શું કઢાવી લેવું તેનો વિચાર કરવા અમે બેઠા હતા. સાબરમતી પછી તેઓને માથે જે કાંઈ ભાર વધ્યો હોય તે તો જાણે ઉતારી લેવો જ રહ્યો. એટલે વિષય રાખ્યા : **विचारशासन, अहिंसानी गतिशीलता, सत्याग्रहनां भावी स्वरूपो, विज्ञाननी प्रगति अने सर्वोदयनी अर्थव्यवस्था, राज्यसंस्था : आजे अने काले, संयोजन अने समाजक्रांतिनी दृष्टिए ब्रह्मचर्य-मीमांसा ।**

અમારી બીજી અને આ વખતની ખાસ દાનત એ હતી કે દાદાનાં વિચારમૂળ બને તેટલાં ખોળી કાઢવાં. દરેક વિષયમાં તેઓના sources કયાં છે અને જે તે વિચારનો વિકાસ કઈ કઈ રીતે થયો, તેનો ઇતિહાસ દાદાએ દરેક વિષયમાં વણી લેવો, એવો જાસો તો જાણે આ વખતેય અમે આપી જ દીધો હતો. ગરીબ-નવાજ રોબિનહૂડની જેમ અમારી લૂંટ પાછળનો પવિત્ર ઉદ્દેશ તો એટલો જ કે જિજ્ઞાસુઓને પોતપોતાની શક્તિ-મતિ મુજબ સ્વતંત્ર અધ્યયન અને મનન માટે દિશાસૂચન મળે. દરેક વિષયની રજૂઆત કરતાં કરતાં અમુક મર્યાદામાં જ આ હેતુ સરે તેમ હતું એટલે અમુક તો આખાં વ્યાખ્યાનો રૂપી છટકાં જ ગોઠવી રાખવાનું મુનાસબ માન્યું, એવાં વ્યાખ્યાન માટે વિષયો ઠરાવ્યા: क्रांतिनो विकासक्रम तथा विचार विकासनी दृष्टिए; बूद्ध-शंकर-मार्क्स-गांधी.

આ બીજા વિષયમાં દાદાના સમસ્ત વિચાર-દેહનું ઘડતર કરનારાં છૂપાં બળો છતાં થઈ જાય એવી દૃષ્ટિ પણ ખરી. કેમકે શંકરાચાર્ય, માર્ક્સ અને ગાંધી એ તો દાદાના વિચાર–ગુરુઓ જ ગણાય; (અલબત્ત જ્ઞાનેશ્વરને કદાચ ઉમેરી શકાય.) અને 'બુદ્ધાવતારે' આ વિચારોનું અનુષ્ઠાન કરવાનું એટલે ગાંધીના પૂર્વ–પુરુષ અને શંકર જેમના પ્રચ્છન્ન અવતાર ગણાય છે તે 'બુદ્ધ' તો લેવા જ જોઈએ !

અમારું આ સાર્વજનિક હેતુવાળું પવિત્ર 'કાવતરું' –કાવતરું તો ખરું જ– એટલે પૂરેપૂરું સફળ તો શેનું જ થાય ? પણ એ કેટલું સફળ કે નિષ્ફળ ગયું તે તો આ પુસ્તિકામાં સંઘરાયેલું દાદાનું વડોદરા શિબિરમાં તા. ૪ થી માર્ચ ૧૯૫૭ ની સવારે અપાયેલું પ્રવચન જોઈ ને વાચકોએ જ નક્કી કરવું પડશે. અને એ કાવતરાને મળેલી સફળતા જેટલે અંશે ઊણી રહી હોય તેટલે અંશે, જ્યાં સુધી બને ત્યાં સુધી, સીધા દાદાને જ 'સેવા' અને 'પરિપ્રશ્ન' રૂપી ફૂંકવાકરડવાની મૂષકવિદ્યાથી જિજ્ઞાસાધૃષ્ટ વાચકે પૂરી કરી લેવી પડશે અને નહિ તો પછી 'જાત-મહેનત ઝિંદાબાદ' નું સૂત્ર મને–કમને અપનાવી સ્વાધ્યાય અને વિમર્શ (મનન) નો શાસ્ત્રપ્રશસ્ત કંટકાકીર્ણ માર્ગ વાચકે લેવો પડશે.

બુદ્ધ–શંકર–માર્કસ–ગાંધી આ ચાર અવતારી પુરુષોનાં જીવન અને સંદેશાને સમજી લેવો એ આ યુગના બુદ્ધિનિષ્ઠ મનુષ્યને, જીવન ઘડવા માટે જરૂર ન હોય તો પણ, ભિન્ન ભિન્ન મંડળોમાં રાજનૈતિક વાદયુદ્ધની મુષ્ઠામુષ્ઠી માટે તો અનિવાર્ય જ થઈ પડયું છે. કેમકે આ યુગ એ વિભૂતિઓનો યુગ ઠરી ચૂકયો છે. 'યુગ–પંચાયતન' પૂરું, કરવા ઈશુ ખ્રિસ્ત, મહંમદ કે બીજા કોઈ નામથી પૂર્તિ કરવી જરૂરી લાગે ને વાચક પોતાની રુચિ-મતિ મુજબ તે કરી લે તો તેને રોકવા અમે સંપાદકે, પ્રકાશકે કોઈએ 'સર્વ હક્ક સ્વાધીન' રાખ્યો નથી.

શંકરજન્મભૂમિ કાલડીના સર્વોદય સંમેલન પ્રસંગે કેવળ આ પુસ્તિકા માટે પ્રસ્તાવના આપવાની વિનંતી કરવા પૂરતો જ હું વિનોબાને મળ્યો.

વિનોબા હસતાં હસતાં કહે: "અરે આટઆટલા મહાપુરુષોને એકઠા કરી નાખ્યા, તે પછી વળી શું વધારે જોઇએ છે ?"

મેં મર્મમાં કહ્યું : "કેમ વળી ? पंचायतन પૂરું કરવું છે !"

છેલ્લે વિદાય લેતી વખતે પણ આંધળાએ માગેલા વરદાન જેવી માગણી કરી આવ્યો : "આ ચારેય યુગપુરુષના જીવનતત્ત્વને સાંધી આપતાં દરેક બબ્બે અને સમસ્ત પર એક, એમ નવ સૂત્રો તો આપો જ આપો !"

પણ વિનોબા જેનું નામ ! ડોકું હલાવીને હસ્યા. અને મહારાષ્ટ્રી મસ્તક ગુજરાતી ઢબે હાલે ત્યારે શું સમજવું તે તો બ્રહ્મ જેવું અટપટું. છતાં અજેય આશાવાદી ભૂદાનીને છાજે તેમ મેં ધરપત બાંધી કે ચાલો આપશે. પણ પ્રત્યક્ષ લેખ રૂપે કદી પ્રસ્તાવના ન લખી મોકલી તે ન જ લખી મોકલી. આપણે ઠર્યાં સર્વોદયી એટલે સાધારણ માણસમાં પણ અવિશ્વાસમૂલક શંકા કેવી રીતે કરાય ? અને આ તો વિનોબા ! એમનું વચન તો ખોટું હોય જ કેમ ? વળી તેઓએ જગન્નાથપુરીમાં આપણને કહી પણ દીધેલું જ કે परोक्षप्रिया इव हि देवा प्रत्यक्ष-द्विषः– દેવોને પરોક્ષ, કહેતાં આડકતરી, રીત પસંદ હોય છે ને દ્વેષી દૈત્યોને પ્રત્યક્ષ રીત પસંદ હોય છે ! એટલે પ્રત્યક્ષને અભાવે પરોક્ષ પ્રસ્તાવના ખોળવા માંડી.

વિનોબા કાલડી પહોંચ્યા તે દિવસે એટલે કે ૮ મી મે ૧૯૫૭ ની સાંજે શંકરાચાર્યને અંજલિસ્વરૂપ પ્રાર્થના-પ્રવચન એમણે આપેલું. વળી જે ૧૩ મીને સવારે સેંકડો મુલાકાતીઓની હારમાળાની વચ્ચે પેસી જઈ ને, બીજી બધી ઉછાળા મારતી લાગણીઓને કોરાણે ખસેડીને, એમને પગે પ્રણામને બદલે પ્રસ્તાવના–ભિક્ષા ઝટપટ મૂકીને, સીધી વડોદરા તરફ ભૂમિપુત્રના સંમેલન-વિશેષાંક માટે હડી કાઢી હતી, તે ૧૩ મીની સાંજે વિનોબાએ શંકરજન્મભૂમિની વિદાય લેતું પ્રવચન કર્યું હતું. વળી સંમેલનના છેલ્લા અને મુખ્ય પ્રવચનમાં પણ એમણે મહામુનિ માર્ક્સને સ્મર્યા અને તેના શિષ્યોનું રાજ્ય ઇતિહાસમાં પહેલી વાર શાંતિપૂર્વક પૃથ્વીપટે પરશુરામ ભૂમિ કેરલમાં*સ્થપાયું હતું તે પ્રસંગે ઔચિત્યપૂર્વક સામ્યવાદ

---

* રામચંદ્રજીના શાંત મર્યાદાશીલ અવતારનો પરચો થઈ ગયો તે પછી પરશુરામને લાગ્યું કે હવે આપણા ઉગ્ર ને અમર્યાદ અવતારનું પ્રયોજન નથી રહેતું એટલે દક્ષિણ સમુદ્ર પાસે એક નવી પૃથ્વી 'રિકલેમ' કરીને તેઓએ તેને પશુ–પંખી–વનસ્પતિવાળી બનાવી વસવાટ કર્યો. કહે છે કે તે જ કેરલ ! આમ ત્યાં ઉગ્રનું શમન થાય એવી પરંપરા છે જ.

અને સર્વોદયના આદર્શો તથા માર્ગની મજેદાર ચર્ચા કરેલી. એ બેય પ્રવચનો અને ત્રીજાનો એક ( વાચક માફ કરે પણ ગંભીર અંશ ) પ્રસ્તાવનાને સાટે આ પુસ્તિકામાં ઉમેરી લીધાં છે.

ઉપસંહાર તરીકે શંકરને અર્ધ્યનિમિત્ત અપાયેલા વિનોબાના પહેલા પ્રવચનનો મુખ્ય વિચારતંતુ છે : 'વૈરાગ્ય', 'વિજ્ઞાન' અને 'કરુણા'નો શંકરના જીવન-કવનમાં થયેલો સમાહાર. 'વૈરાગ્ય' દ્વારા ચિત્તની અનાસક્ત ને નિષ્કામ એવી સ્થિરતા સૂચવાય છે. 'વિજ્ઞાન' પ્રજ્ઞાનું સોપાન છે. બંને મળીને સ્થિતપ્રજ્ઞનો આદર્શ છે. પણ સ્થિતપ્રજ્ઞની સમાધિ હિમગિરિને મસ્તકે હિમરૂપી આસનમાં પલાંઠી પાડીને બેઠેલા માનસજળ જેવી નિઃસ્પૃહ નિઃસ્પંદ નથી. મેદાનોમાં માનવતા ત્રિવિધ તાપથી ત્રાહિ ત્રાહિ પોકારે છે. ત્યારે તેના ઉષ્ણ ઉચ્છ્વાસોથી હિમવત્ વિગલિત થઈને એ સ્થિતપ્રજ્ઞ સમાધિ કરુણામયી ગંગા બનીને પૃથ્વીપટે અવતરી છે. સ્થિતપ્રજ્ઞ છે, સમાધિસ્થ છે, પણ 'કરુણા'વાન છે.

સ્થિતપ્રજ્ઞા અને કરુણા એ કેવળ શંકરનો જ નહીં, ચારેય વિભૂતિઓનો જીવન-સંદેશ છે. જે કાળે જેની જનતામાં ખોટ હતી તે કાળે તેના પર તે કાળની વિભૂતિએ ભાર મૂકયો છે. વેદ અને શાસ્ત્રોનું જ્ઞાન કરુણારહિત પશુયજ્ઞોમાં ગ્રંથ-પ્રામાણ્યની દીવાલો બાંધીને કેદ થયું, ત્યારે બુદ્ધે માનવીના સ્વયંભૂ વિવેકને આહ્વાન કર્યું. જીવન પર સીધું ચિંતન કરી જ્ઞાન સંપાદન કરવાનું શીખવ્યું અને કરુણાને અહિંસક જીવનવ્યવહારમાં ઉતારતાં શીખવ્યું. મૂઢ વહેમોમાં અને ફલાસક્ત કર્મકાંડોમાં થીજી ગયેલા અધ્યાત્મને 'અવ્યાકૃત વિષય' કહી દીધો, પણ જાતે તપપૂર્વક 'બોધિ' પ્રાપ્ત કર્યો અને સતત કરુણાપૂર્વક નરસમુદાય સ્વરૂપ પરમાત્મામાં લીન બનીને વિચરણ કર્યું. પરમાત્મતત્ત્વનો સ્વીકાર ન કર્યો, કેમકે લોક સદાચાર કરતાં કોઈ ઉપલા તત્ત્વની આગળ ઘૂંટણીએ પડી દીનહીન ભિક્ષા માંગવાને શ્રેષ્ઠ માનતું હતું. તેમ જ એનો ઇન્કાર ન કર્યો. પણ એ જ લોકોમાં વસતા સ્વયંભૂ પરમાત્માની સેવામાં જ્ઞાનપૂર્વક આત્મવિસર્જન કર્યું. ઇહલોકમાં અને ઇહકર્મમાં પણ સર્વત્ર વસતા ઈશ્વરી તત્ત્વની જીવન દ્વારા જનમાનસમાં પ્રતિષ્ઠા કરી.

બુદ્ધ દ્વારા માનવે એક નવું પ્રસ્થાન કર્યું. એમના પ્રસ્થાનથી મળેલા સંસ્કાર-ધનની પાછળ ઘેલું બનેલું લોક પ્રાચીન ધનને વીસરતું હતું, ઉવેખતું હતું. બે વચ્ચે વિરોધ મનાતો થયો હતો. શંકરે બુદ્ધના નવીન સંસ્કાર–વારસાને પ્રાચીન વૈભવ સાથે સાંકળી દીધો. બુદ્ધની અહિંસાને અધ્યાત્મવિદ્યાના અદ્વૈતનો ટેકો આપી બુદ્ધને દશાવતારમાં જ ઉમેરી લીધા.

અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનનાં ઉદયનો ફરી થયાં. અને પૃથ્વીની પરકમ્મા તો ચાલુ જ હતી. માનવના પાર્થિવ સ્વાર્થના પુંજ ખડકાતા જતા હતા. માનવી એને ધાર્મિકતાના અંચળા હેઠળ ઢાંકતો હતો. રાજસત્તા લોખંડી એડી તળે લોકોને કચરી એમનાં મડદાં પર મહેફિલ માણતી હતી. ને ત્યારે લોકોએ માથું ઊંચકી 'સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા'નું સૂત્ર ઉચ્ચાર્યું. રાજસત્તાને પરાસ્ત કરવા લોકોમાંથી કુટુંબદીઠ ભરતી (conscription) કરીને લડાયક દળો ઊભાં કર્યાં. એમાંથી એક કોર્સિકન બુઓનાપાર્ટ સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટ થઇને પશ્ચિમ ગોળાર્ધના લોકોને માથે ચઢી બેઠો. એ માંડ ઊથલ્યો ત્યારે પણ એના સામ્રાજ્યના બાગલા પાડી ઇંગ્લૅંડ અને ઑસ્ટ્રીઆ લોકોને માથે સવાર રહ્યા. શાસકોની એડી હેઠળ શાસિતો ધમપછાડા કરતા રહ્યા. ઠકરાતી ઉમરાવશાહી અને ગુલામગીરી, પૂર્વના સામ્રાજ્યશાહી વ્યાપાર અને વરાળયંત્રને પગલે પગલે, વ્યાપારિક-ઔદ્યોગિક ક્રાંતિનો ઊથલો ખાઈને, મૂડીવાદ અને મધ્યમવર્ગશાહીમાં ફેરવાઈ ગયાં. શોષકોનું બેવડું શોષણ ચાલવા માડયું. ઘરે-બાહિરે. કોરડાના મારની બીકે કારખાનદારો કૂમળાં બાળકો પાસે બારબાર-સોળસોળ કલાકનું વૈતરું કરાવતા. અને બીજી બાજુ કળાવાન વણકરોના અંગૂઠા વાઢીને પણ પોતાનો સસ્તો માલ ગુલામ દેશમાં ખડકતા. અને આ બધાની ઉપર ધર્મ, દેવળ, નીતિના ઉપદેશો અને અગમ-નિગમની ફિલસૂફીઓ ચાલતી. સ્વપ્નવાદી માનવશુભેચ્છકો સ્વપ્નસમાજોનાં મહાન ચિત્રો દોરતા, તપત્યાગપૂર્વક તેવા રડ્યાખડ્યા આદર્શ સમાજના નમૂના ખડા કરતા ને સમર્થોને કંઈક દયાધર્મનો ઉપદેશ કરતા. ઓછાવત્તો સુધારો થતો, પણ ધરમૂળથી દશા તેની તે જ રહેતી. શાસન રહેતું, શોષણ રહેતું અને સૂફિયાણી ધાર્મિકતા પણ રહેતી. ત્યારે શાસિતો અને શોષિતોના આર્તનાદના જવાબમાં એક નવો અવતાર થયો. બુદ્ધની જેમ એણેય એક ઇહધર્મ ચલાવ્યો. આપણે ત્યાં અન્ય વિભૂતિઓ જેટલી માહિતી એને વિશે નથી. શિષ્યોને કારણે મહંમદની જેમ એને માટે પણ અનેક ખરાખોટા પૂર્વગ્રહો છે. ગૂજરાતમાં એને વિશે પ્રમાણભૂત એવું ઘણું ઓછું લખાયું જણાય છે. પણ જવાહરલાલજીએ એમના 'જગતના ઇતિહાસનું રેખાદર્શન'માં ઠીક ઠીક લખ્યું છે. જિજ્ઞાસુ વાચક એ ગ્રંથનાં ત્રણ પ્રકરણો વાંચી જાય તો લાભશે : ૧૩૨. સમાજવાદનો ઉદય, ૧૩૩. કાર્લ માર્ક્સ અને મજૂરોના સંગઠનનો વિકાસ અને ૧૩૪. માર્ક્સવાદ. વળી સ્વ. કિશોરલાલ મશરૂવાળાની 'ગાંધીજી અને સામ્યવાદ' નામક પુસ્તિકા અને વિનોબાએ તેમાં લખેલી પ્રસ્તાવના પણ ખાસ કરીને ભારતીય સામ્યવાદ વિશેનું સર્વોદય વિચારનું વલણ સમજવા માટે ઉપયોગી થશે. દાદા ધર્માધિકારીએ સાબરમતી શિબરમાં આપેલાં પ્રવચનો પૈકી વિચારક્રાંતિ ખંડ-૨ માં અપાયેલાં ચાર પ્રવચનો પણ ઘણો કીમતી

વિચાર-મસાલો આપે છે : ૫. ક્રાંતિવિજ્ઞાન, ૬. ક્રાંતિ–સામ્ય, ૭. સામ્યવાદ અને સર્વોદય તથા ૮. ક્રાંતિઅર્થ.

બુદ્ધિમાન વાચકો સમજી જ ગયા હશે કે આ પુસ્તિકા તો અનેક ગ્રંથોનો પરિચય આપવા માટે જ સરજાઈ લાગે છે, એમની સમજ યોગ્ય જ ગણાશે. સારા મિત્રની જેમ દરેક સારું પુસ્તક બીજા સારાં પુસ્તકો સાથે ઓળખાણ કરાવે જ.

કેટલાકને આ પુસ્તિકા ' અઘરી ' લાગશે. છે જ. જેમ પ્રત્યક્ષ સેવાધર્મ અતિ ગહન ને કપરો છે, તેમ વિચારધર્મ પણ છે જ. પણ જેને લેહ લાગે તેને બધું સહેલું થઈ જાય છે. વિનોબાએ સામ્યસૂત્ર પર પ્રવચનો કરતાં કાર્યકર્તાઓ પાસેથી ચાર વિચાર-પ્રવાહોને તો તેઓ સમજે જ તેવી અપેક્ષા વ્યક્ત કરી છે : ડાર્વિનનો વિકાસવાદ, આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ, માકર્સનો ભૌતિકવાદ અને અરવિંદનું અતિમાનસાવતાર-દર્શન, એમની આગળ પાછળ અને વચ્ચે તો બીજું ઘણું જાણવું-સમજવું પડે તેમ છે, ક્રાંતિ એકલા કર્મથી નથી થતી. વિકર્મ વિના ક્રાંતિ નથી થતી. કર્મ વિકર્મ મળીને ક્રાંતિ થાય છે. ને વિકર્મ બેવડું છે : જ્ઞાનમય ને પ્રેમમય. તેમાં આ બધું અધ્યયન જ્ઞાનમય વિકર્મ માટે છે. પ્રેમ તો હૃદયની ચીજ છે. તે ન હોય તો માણસ ક્રાંતિમાં પડે જ શેનો ? પ્રેમ સર્જન કરનારું બળ છે, જ્ઞાન સ્થાપન કરનારું બળ છે. કરુણા જનેતા છે, જ્ઞાન પિતા છે. જ્ઞાન-પૂર્વકની ક્રાંતિ જ ટકે. માટે અધ્યયન વિના આરો નથી. ભાષા સહેલી હોય કે અઘરી, જ્ઞાન તારવ્યે જ છૂટકો. પોતાને ઘેર ભલે રોજ લસલસ શીરો ખાતાં હોઈએ, ને ચાવવાનું ટાળતાં હોઈએ પણ વિશ્વને પ્રવાસે નીકળીએ ત્યારે નાળિયેર તો ઠીક, પાણા ખાવાની પણ તૈયારી કરવી પડે. લોકોને સહેલું ને સરળ જોઈએ, એ હકીકત હેઠળ આપણાથી આપણું દળદર નહીં સંતાડાય, એટલે હવે તો આળસ કાઢયે છૂટકો. ક્રાંતિ માટે પદયાત્રીસેના, શાંતિ માટે શાંતિસેના, તેમ હવે અમૃતત્વ માટે વિચારસેના બાંધવી પડશે. આ પુસ્તિકા તે માટેનો લઘુ પ્રયાસ છે.

વિચારસેનામાં કોઈ પણ સ્થળે રહેનારા ને કોઈ પણ કામ કરનારા ભળશે. માટે આ પુસ્તિકા સહુને માટે છે. શુદ્ધ વિચારને સ્થળ, કાળ કે તત્કાલીન માન્યતાઓ સાથે સંબંધ છે પણ તેના પર તેમનું બંધન નથી. ઇતિહાસને સુમુહૂર્તે શુદ્ધ બુદ્ધિ અને શુદ્ધ જીવનનું લગ્ન થાય ત્યારે અમર ક્રાંતિ જન્મે. એવી અમર ક્રાંતિના ભણકારા ગૂજરાતના હૈયામાં જગાડવાના મનોરથ સાથે આ પુસ્તિકા ગૂજરાતને ચરણે આત્મસમર્પણ કરે છે.

**—પ્રબોધ ચોકસી**

# બુદ્ધ–શંકર–માર્ક્સ–ગાંધી

यं शैवाः समुपासते शिव इति
ब्रह्मेति वेदांतिनो ।
बौद्धा बुद्ध इति प्रमाणपटवः
कर्तेति नैय्यायिकाः ।
अर्हन्नित्यथ जैनशासनरताः
कर्मेति मीमांसकाः
सोऽयं वो विदधातु वांछितफलम्
त्रैलोक्यनाथो हरिः ॥

બુદ્ધ, શંકર, માર્ક્સ અને ગાંધી, આ યુગનું વિભૂતિ-ચતુષ્ટય છે.

આજે આપની સાથે બેસીને જે પદ્ધતિથી હું આ વિચાર કરવાનો છું, તે પદ્ધતિથી આ ચારેયનો સામટો વિચાર આજસુધી મેં મારી મેળે એકલા કદી કર્યો નથી, તેમ જ કોઈ પ્રસંગે ક્યાંય રજૂ પણ કર્યો નથી. મારા મિત્રોએ કહ્યું કે આ વિષયનો પણ વિચાર થઈ જાય તો સારું અને મને પોતાને પણ મારા સ્વાધ્યાયની દૃષ્ટિ એ એ વાત પ્રિય લાગી, તેથી આજે આપની સમક્ષ આ યુગના આ વિભૂતિ-ચતુષ્ટયને વિશે, અવિરોધાત્મક વિચાર હમણાં રજૂ કરવાનો છું.

## સમન્વયાત્મક વિચાર

શંકરનું નામ આમાં આવ્યું છે. તે જમાનામાં, ઉપાસનાના ક્ષેત્રમાં વિષ્ણુ પંચાયતન એ શંકરે આપેલો એક નોંધપાત્ર ફાળો ગણાય છે. એકી સાથે પાંચ દેવતાઓની પૂજા થાય: વૈષ્ણવ, શૈવ, શાક્ત, સૌર અને ગાણપત્ય–આ સર્વની ઉપાસનાઓનું સમન્વયાત્મક એકીકરણ થાય, એ તે કાળની ઉપાસનાને શંકરે આપેલી અમૂલ્ય ભેટ હતી. આ જ દૃષ્ટિએ

જે ચાર વિભૂતિઓનાં નામ આજે આપણી સમક્ષ રજૂ થયાં છે, તેમાં કાર્લ માર્ક્સનો સમાવેશ થયો, તેને હું ઉચિત અને ઉપયોગી પણ માનું છું, અને તેથી જ મેં કહ્યું કે આ ચારેયનો જે ઉપદેશ છે, એ ચારેયનું જે વિભૂતિમત્ત્વ છે, તેનો વિચાર આપણે આપણા પોતાના તેમ જ આપણા સમાજના ઉત્થાનની દૃષ્ટિએ કરીશું. એમના વિચારોની સમાજના જીવન પર જે અસરો પડી છે, સમાજના વિકાસ પર એની જે અસરો પડી છે, તે અસરો તપાસવાની દૃષ્ટિએ જ આપણે વિચાર કરવાનો છે.

આ ચારેયનો આપણે વારાફરતી, એક પછી એક ક્રમથી જ વિચાર કરીશું એવું નથી, પણ ચારેય વિભૂતિઓને આપ મનની સામે એક સામટી ખડી કરી દો અને પછી એમને વિશેની વિચારણા મારી સાથે શરૂ કરી દો.

## ધર્મગ્લાનિ થતાં યુગની આકાંક્ષા જાગે છે અને અવતાર થાય છે

દરેક વિભૂતિનો આવિર્ભાવ (પ્રાકટ્ય) સામાજિક આકાંક્ષાઓના ફલસ્વરૂપે જ થાય છે. સમાજમાં એક આકાંક્ષા હોય છે અને સમાજમાં એક આવશ્યકતા હોય છે. જ્યારે વિભૂતિ પાકે છે ત્યારે તે સમાજની આકાંક્ષાઓ જેના વ્યક્તિત્વમાં પ્રતિબિંબિત થતી હોય તેવી વિભૂતિના આવિર્ભાવની તે જમાનાને ભૂખ લાગી હોય છે. સમાજની જે તે કાળની આકાંક્ષા કાંઈ દરેકેદરેક વિભૂતિના વ્યક્તિત્વમાં પ્રતિબિંબિત નથી થતી. સમાજની સાથે, એનાં સુખદુઃખોની સાથે, સંપૂર્ણપણે સમરસ થવું એ કાંઈ હરકોઈ વ્યક્તિને માટે રેઢું પડેલું નથી હોતું. દરેક વ્યક્તિના વ્યક્તિત્વનો સામાજિક આશય એટલો બધો સુરેખ થયેલો નથી હોતો, દરેક જણની ભૂમિકા એટલી બધી વિશાળ અને વ્યાપક થયેલી નથી હોતી.

બુદ્ધના જમાનામાં આ દેશમાં એક આકાંક્ષા જાગી, એક આવશ્યકતા ઊભી થઈ. ધર્મમાં ગ્લાનિ આવી ગઈ હતી.

મનુષ્યની કંઇક એવી રીત રહી છે કે એ ધર્મને પોતાના ભોગનું સાધન બનાવી લે છે, પોતાની સત્તા માટેનું ઓજાર બનાવી લે છે. અને પછી ધીમે ધીમે પહેલાં તો એ પરપ્રવંચના કરે છે, અને પછી આત્મપ્રતારણા કરે છે. પહેલાં બીજાને છેતરે છે અને પછી જાતને પણ છેતરે છે. બીજાને છેતરવા માટે અને બીજા પર પોતાની જોહાકી જમાવવા માટે માનવી ધર્મને વાપરવા માંડે છે અને ત્યારે એને હાથે ધર્મ સંપ્રદાય બની જાય છે. ધર્મ જ્યારે સંપ્રદાયમાં ફેરવાઈ જાય છે ત્યારે ધર્મ સત્તાનું, પ્રભુત્વનું અને ઉપભોગનું એક ઉપકરણ, એક સાધન, બની જાય છે.

—વાસ્કો–દ–ગામા સન ૧૪૯૮ માં ( સાલમાં મારી ભૂલ થતી હોય તો તમે સુધારી લેજો ) આ દેશમાં આવ્યો ત્યારે એને કોઈએ પૂછ્યું, " તું કેમ આવ્યો છે ? "

" I come in search of Christians and spices– હું બે ચીજો શોધવા આવ્યો છું. ખ્રિસ્તીઓ હોય તો તેમને મારે મળવું છે અને બીજું મારે આ દેશના તેજાના જોઇએ છે. "

તેજાના તો વેપારને માટે, પણ ખ્રિસ્તીઓ શા માટે ? પોતાની જમાત વધારવા માટે, પોતાની નાત વધારવા માટે.

મુસલમાન આવ્યા. શા માટે આવ્યા ? ઈસ્લામને ફેલાવવા માટે અને તેની સાથે જમીન પર કબજો કરવા માટે, સલ્તનત માટે.

ખ્રિસ્તીઓ જે રીતે આવ્યા, મુસલમાનો જે રીતે આવ્યા, તે જોતાં સમજાય છે કે દરેક જમાનામાં, ધર્મને મનુષ્યે પોતાની ભૌતિક સત્તા અને સંપત્તિનું સાધન બનાવવાની મથામણ કરી છે.

ધર્મ શરૂ કઈ રીતે થયો ? અર્થ કરતાં ધર્મને શ્રેષ્ઠ માનવામાં આવ્યો. ઇહલોક કરતાં પરલોકને શ્રેષ્ઠ માનવામાં આવ્યો. શારીરિક જીવન કરતાં

આત્મિક જીવનને ચડિયાતું માનવામાં આવ્યું. આરંભમાં તો એમ કહેવામાં આવ્યું કે There is a ladder which extends from the nether regions to heaven. પાતાળથી સ્વર્ગ સુધી પહોંચતી એક સીડી છે. સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા એ ધર્મરૂપી સ્વર્ગને પહોંચવાની સીડી જ છે. આવું તો શરૂશરૂમાં મનાયું, પણ પછીથી તો ધર્મને જ અર્થનું સાધન માની લેવામાં આવ્યું. विद्या भोगकरी यशःसुखकरी – વિદ્યાને વિશે કહ્યું કે વિદ્યા ભોગકરી કહેતા ભોગ આપનારી છે, યશ અને સુખ આપનારી છે !

આમ ધર્મ જ્યારે ભૌતિકતાનું સાધન બની જાય છે, ત્યારે કહે છે કે ધર્મની ગ્લાનિ થઈ. 'ધર્મ ભૌતિક વિકાસનું સાધન બને છે' એનો અર્થ શો ? ધર્મ આપણાં વિકારો અને વાસનાઓને સંતોષવાનું સાધન બની જાય છે.

—"તું આ મધમધતાં મિષ્ટાન્ન કોને માટે પકાવે છે ?"

તો કહે છે, "આ તો ભગવાનનો રાજભોગ છે, ખબર નથી ?"

"એમાંથી ભગવાન કેટલું ખાય છે વારુ ?"

"જરાકે ખાતા નથી. ને તેથી તો હું બનાવું છું ! એ ખાતા હોત તો કાંઈ હું રાંધવા બેસું તેવો છું કે ? મેં કદીયે ખાય તેવા ભગવાન માટે રાંધ્યું હોય એવું સપને પણ સાંભર્યું છે ?! એ ખાતા નથી માટે તો એને નામે રાંધું છું. નામ એમનું, કામ મારું !"

**અપવાદરૂપ હિંસા નિયમરૂપ થઈ પડી એટલે બુદ્ધાવતાર થયો**

આવી રીતે પોતાની જાતની સાથે અને બીજાની સાથે થતી છેતરપિંડી જ્યારે ધર્મમાં ઘૂસી જાય છે, ત્યારે પછી એક આકાંક્ષા પેટે છે, તાલાવેલી જાગે છે.

ધર્મનો આદેશ હતો : मा हिंस्यात् सर्वभूतान् सर्वाणि भूतानि मा हिंस्यात्– દુનિયામાં જે કાંઈ પ્રાણી છે તેમાંથી એકેયની હિંસા ન કરીશ."

ત્યારે પૂછવામાં એવું આવ્યું કે " તો અમે જીવી જ નહીં શકીએ. શ્વાસ લઈએ તોપણ હિંસા થાય તેમ છે, પાણી પીએ તેમાં પણ હિંસા થાય છે, ખેતી કરીએ તેમાં પણ હિંસા થાય છે. તમારી વાત માની લઈએ તો તો અમે જીવી જ ન શકીએ."

એટલે આદેશની સાથે અપવાદ જોડયો : " अन्यत्र तीर्थेभ्यः યજ્ઞ માટે જેટલી હિંસા થાય તે સિવાય."

યજ્ઞ માટે હિંસા એટલે શું ? મનુષ્યના શરીરનિર્વાહ માટે અને સમાજના ધારણ-પોષણ માટે કરવી પડે તેટલી હિંસા.

આની મર્યાદા શી ? કેટલી હિંસાને માનવીના ગુજારા તથા સમાજની ધારણા માટે અનિવાર્ય માનવી ? એ તો મારી તમારી અર્થાત્ મનુષ્યની નૈતિક અને આધ્યાત્મિક ભૂમિકા પર આધાર રાખે છે. મનુષ્યની આધ્યાત્મિક અને નૈતિક ભૂમિકા જેટલા પ્રમાણમાં ઉન્નત હશે, તેટલા જ પ્રમાણમાં એની સમાજવ્યવસ્થામાં હિંસા થોડી હશે.

અને આજે તો હવે આ સિદ્ધાંતને ઝાઝો સમજાવવાની જરૂર પણ નથી રહી. ભગવાનની કૃપાથી આજે દુનિયામાં કોઈ સમજુ માણસ એવો નથી કે જે આટલી વાત માનતો ન હોય. આપ સહુ કહો છો ને કે ખૂનીને પણ ફાંસીની સજા ન થવી જોઈએ ! શિક્ષા નહીં શિક્ષણ જોઈએ. 'You should convert your jails into schools and reformatories– તમામ જેલો અને બંદીશાળાઓ પાઠશાળાઓમાં ફેરવાઈ જાય અને એ વિકાસ વિદ્યાલય તરીકે કામ કરવા માંડે !' દુનિયાભરના તમામ વિચારવાન માણસો આજે આમ કહેવા માંડયા છે. તેથી પુરાણા કાળમાં કેટલી હિંસા હતી ને આજે કેટલી છે એવી સરખામણી કરી વિચાર કરવાપણું રહેતું નથી. તે કાળમાં મનુષ્યનો જે સાંસ્કૃતિક સ્તર રહ્યો હશે, એનો સાંસ્કૃતિક વિકાસ જેટલો થયો હશે, એટલું જ અહિંસાનું આચરણ એના વ્યક્તિગત અને સામાજિક જીવનમાં થયું હશે.

આપણા દેશમાં બુદ્ધ પહેલાં એક એવો યુગ આવેલો જ્યારે अन्यत्र तीर्थेभ्यः પર વધારે ભાર મૂકવામાં આવેલો અને તે વાક્ય પણ તર્ક અને ન્યાયને આધારે મીમાંસકોએ મૂળ આદેશમાં જોડી આપેલું !

## જ્યારે તર્ક ધર્મગ્લાનિનું હથિયાર બને છે

તર્ક શો હતો ? કયો ધર્મ વધુ પ્રબળ હોય છે—નિત્ય ધર્મ કે નૈમિત્તિક ધર્મ ? નિત્ય ધર્મ શું છે? "છોકરાઓ રોજ નિશાળે જાવ ! स्वाध्यायोऽध्येतव्यः– તમારો સ્વાધ્યાય રોજ કરો."

નૈમિત્તિક ધર્મ કોને કહ્યો ? "રવિવારને દિવસે નિશાળે ન આવતા. પ્રતિપદા (પડવા) ને દિવસે અનધ્યાય રહેશે."

આવું નૈમિત્તિક ધર્મ દર્શાવતું વાક્ય કહેવાય છે.

પ્રબલ કેમ? મેં તમને કહી દીધું કે રોજ નિશાળે આવતાં રહો એટલે તમે રવિવારે પણ આવી પડ્યા. ત્યારે મેં કહ્યું કે આજે તો રજા છે. તમે મને કહો છો, "રોજ આવવું એવું તમે લખ્યું છે ને ! "

"હા, પણ રવિવારે ન આવવું એ મારું નૈમિત્તિક વાક્ય છે. અને નૈમિત્તિક ધર્મ નિત્ય ધર્મ કરતાં બળવાન ગણાય છે."

ત્યારે મીમાંસકોએ શું કર્યું ? મીમાંસકોએ કહ્યું, "જીવમાત્રની હિંસા ન કરો એવો આદેશ તો છે, પણ તે अन्यत्र तीर्थेभ्यः । બીજે બધે અહિંસક રહો, પણ યજ્ઞમાં અહિંસક ન રહેશો. યજ્ઞમાં અહિંસક રહેવું એ પાપ છે."

મીમાંસકોએ આવો અર્થ કરી આપ્યો. પાછળથી વૈષ્ણવોએ ફરી એ અનર્થને સુધાર્યો. એમણે કહ્યું કે આ अपूर्व विधि નથી, યજ્ઞમાં હિંસા કરવી જ એવો આદેશ નથી.

વિધિ ત્રણ પ્રકારના હોય છે. એ વાત આવી જ ગઈ છે, તો આપની સમક્ષ રજૂ કરી જ દઉં. એક अपूर्व विधि, બીજો नियम विधि અને ત્રીજો

परिसंख्या विधि.. મીમાંસામાં વિધિ શબ્દ ધર્મના આદેશો માટે વપરાયો છે. અર્થાત્ વિધિ આમ ત્રણ પ્રકારના મનાયા છે.

अपूर्व विधि એટલે એવી આજ્ઞા કે જેને વિશે તમને અગાઉથી કશું જ્ઞાન ન હોય અને જે કાર્ય તમે તમારી મરજીથી કે સ્વભાવથી કરો તેવું ન હોય; જે रागप्राप्त ન હોય. रागप्राप्त કહેતાં તમારી પોતાની વાસના અને વિકારોથી જે કરવાનું તમને પ્રાપ્ત ન હોય.

હું પ્રાચીન ઉદાહરણ લઉં છું, આજનું નથી. તે એટલા માટે કે એ અપૂર્વ છે. કયું ઉદાહરણ? આ મેં જે આપની સહુની સમક્ષ મૂકયું તે, स्वाध्यायोऽध्येतव्यः– રોજ અધ્યયન કરો. હવે રોજ અધ્યયન કરવું એ रागप्राप्त નથી. તમે તમારી મરજીથી એ કરવાના નથી. એ તમારી મરજી, તમારી વાસના કે તમારા વિકારો પર નિર્ભર નથી. પણ હું એને તમારી ઉન્નતિ માટે આવશ્યક સમજુ છું. તેથી તમને કહું છુ કે રોજ વાંચવાનું રાખો. આ अपूर्व विधि કહેવાય છે.

"કેવી રીતે વાંચુ? ધીમે ધીમે વાંચું, મનમાં વાંચું કે મોટેથી વાંચું?"

તો હું કહું છું, "તમને ગમે તે રીતે વાંચો."

જ્યાં વિકલ્પો હોય, એક વસ્તુ આ રીતે પણ થઈ શકે અને બીજી રીતે પણ થઈ શકે એવું હોય, અને ત્યારે જો હું એ વિકલ્પો પૈકી કોઈ એકનું વિધાન કરું (બીજી રીતે નહીં પણ આ રીતે કરો એવો આદેશ આપું) ત્યારે એ नियम विधि કહેવાય છે.

પ્રબોધને કહી દીધું કે તને મન ફાવે તે રીતે વાંચ. એટલે એણે તો એટલા જોરથી ઘાંટા પાડીને વાંચવા માંડ્યું કે કેમ જાણે ચૂટણીની સભામાં જ ભાષણ ન કરતો હોય! એટલે બાજુની ઓરડીવાળા નારાયણે આવીને ફરિયાદ નોંધાવી, "આ રીતે તો ભાઈ, અમારું વાંચવાનું મુશ્કેલ થઈ જાય! એ શું વાંચવાવાળો એકલો જ છે? મેં શું ગુનો કર્યો?"

એટલે વળતે દિવસે મેં નવો નિયમ જાહેર કર્યો : "મનમાં વાચો."

આ નિયમ વિધિ કહેવાય છે. 'મનમાં વાંચો' એવો નિયમ વિધિ તો ચાલુ થઈ ગયો.

હવે ભણી પરવારીને મને એ બેય જણા આવીને કહે છે : "અમને હવે પત્તાં રમવાની ઇચ્છા છે."

ત્યારે હું કહું છું : "પત્તાં રમવાં હોય તો ભલે રમો, પણ ઉપર કશું મૂકવા-કરવાનું નહીં, એની સાથે જુગાર નહીં રમવાનો."

ત્યારે પ્રબોધ નારાયણને કહે છે, "દાદાએ આપણને પત્તાં રમવાની આજ્ઞા કરી છે, એટલે હવે તો રમે જ છૂટકો."

નારાયણ કહે છે, "અરે ! આજ્ઞા ક્યાં કરી છે ? એમણે તો ભાઈ, આપણે રમવા માંગતા હતા એટલે અનુમતિ આપી છે."

"તમે ન રમો તો સારું, પણ રમવું જ હોય તો ઓછામાં ઓછું જુગાર ન રમો, પત્તાં જ રમો"— આને परिसंख्या विधि કહે છે.

"કોઈ પ્રાણીનું માંસ ન ખાવ તો બહુ સારું, પણ જો ખાવું જ હોય તો યજ્ઞમેધ મારો (યજ્ઞમાં જ પશુને મારો) આને परिसंख्या विधि કહે છે. પણ એ જમાનાના લોકોએ એવું માની લીધું કે યજ્ઞમાં પશુને હોમવા એ વિધાન છે, આજ્ઞા છે ! "अग्नीषोमीयं पशुं आलभेत— પશુ જે અગ્નીષોમીય છે તેનું આલભન કરો, બલિદાન કરો." અને પછી એનો વિધિ બતાવ્યો છે.

અમે લોકો જેલમાં હતા ત્યારે અમારી સાથે એક મુસલમાન સાથીદાર હતા, સૈયદ સાહેબ કરીને. અને બીજા હતા એક શિખ સાથીદાર, હમણાં જે પાર્લામેન્ટમાં છે તે સરદાર અમરસિંહ સહગલ. હવે આ બેયનો રોજ ઊઠીને ઝઘડો જામે. શી વાતનો ? તો એક કહે, "અમે નહીં ખાઈએ આવું માંસ લઈ જાવ અહીંથી."

"કેમ ભાઈ શું થયું ?"

તો કહે, "આ તો ઝટકાનું છે."

બીજે દિવસે બીજાને વાંધો પડે ને ગરજે, "અમે નહીં ખાઇએ. આ માંસ તો હલાલનું છે."

આમ ઝટકા અને હલાલનો ઝઘડો જામે.

એમાં અધૂરામાં પૂરું તે એક ત્રીજા પણ હતા, કર્મકાંડી હિંદુ પંડિતજી, ડૉ. મુંજેના અનુયાયી. એ વળી કહેવા માંડયા. "અમારે આ બેય કરતાં જુદી રીતનું માંસ જોઇશે."

"તમારે વળી કેવું જોઇશે ?"

તો કહે, "બકરાના મોંમાં લાઇ ઠાંસીને એને મુક્કાથી મારેલો હોવો જોઇએ. આવી રીતે મારેલો બકરો હોય એનું જ અમારા સોમયાગમાં બલિદાન થઈ શકે. અમે એવું જ ખાઈ શકીશું."

હવે આ એક હતા ઝટકાવાળા, બીજા હતા હલાલવાળા અને ત્રીજા હતા ગૂંગળાવીને મારવાની ત્રીજી જ રીતવાળા ! ત્રણેય રીતો ધાર્મિક થઇ ગઈ ! અને તેથી ત્રણેયે એવું તો માની જ લીધું કે આ રીતે માંસ ખાવું એ તો અમારા ધર્મનો હુકમ જ છે. કોઇએ એમ ન માન્યું કે માંસ ન ખાવું એ ધર્મને વધુ અનુકૂળ છે. મુસલમાન એમ નથી કહેતો કે જો બકરાને વધેરવામાં ન આવે તો ખુદા વધુ ખુશ થશે. પેલો બીજો એટલું નથી સમજતો કે ઝટકા કે હલાલ એ બેયમાંથી ભગવાનને તો એકેયની જરૂર નથી. પશુને ઝટકે નહીં વાઢો તો ભગવાન વળી વધારે રાજી થશે. અને પેલો ત્રીજોયે નથી સમજતો કે ગૂંગળાવીને કોઇપણ પશુને ન મારીએ તો યજ્ઞ વધારે સફળ થશે. એ યજ્ઞ ब्रह्मार्पणं ब्रह्महविः ब्रह्माग्नौ ब्रह्मणाहुतम् – એ પ્રકારનો બ્રહ્મયજ્ઞ થઇ જશે. આટલું આ ત્રણેય નથી સમજતા.

**માનવીની આકાંક્ષાને અનુરૂપ વ્યાપક તત્ત્વની વિભૂતિ અવતરે છે**

બુદ્ધ ભગવાનથી પહેલાં આ દેશમાં, યજ્ઞની પ્રક્રિયાના નામ પર,

પશુઓનું બલિદાન ઘણા મોટા પ્રમાણમાં થતું હતું. તેથી ભગવાનને કરુણાનું રૂપ લઇને આવવું પડયું. જેવી આકાંક્ષા તેવો અવતાર. જો ભગવાનમાં તમને શ્રદ્ધા હોય તો ભગવાનનો તો કશોય આગ્રહ નથી. એને તો માનવ શરીરનું પણ અભિમાન નથી. આપણે તો કહીએ છીએ ને કે નરને નારાયણના નમૂના પ્રમાણે ઘડયો છે? બાઇબલ કહે છે: He made man in His own image. — ઈશ્વરે માનવીને પોતાના જ બીબામાં ઢાળ્યો. ખ્રિસ્તી, મુસલમાન, હિંદુ તમામ આવું માને છે. પણ ભગવાન તો જાતે જ કશું નથી તેનું શું? એને તો કલ્પના જ માની લો તોયે ચાલે. આપણે ત્યાં તો એ સુવ્વર બનીને પણ આવ્યો હતો! માછલી થઇને આવ્યો હતો, કાચબો થઇને આવ્યો હતો, અડધો માણસ ને અડધો સિંહ – નરસિંહ બનીને – આવ્યો હતો, અને સુવ્વર અર્થાત્ ભુંડ બનીને પણ આવ્યો હતો.

હવે ભગવાનની વ્યાપકતાનો આથી મોટો પુરાવો બીજો શો હોઈ શકે? એ ભંગી રૂપે આવત તો એમાં કાંઈ બહુ મોટી નવાઈની વાત નહોતી. પણ એ તો ભુંડ – સુવ્વર બનીને પણ આવ્યો! આ તો આપણને એટલું શીખવવા માટે જ કે જેવી આકાંક્ષા હોય છે તેવું રૂપ ધારણ કરીને એ આવે છે.

ઈસુને ભૂખ્યા લોકોની ભૂખ ભાંગવી હતી; રોટીનો ટુકડો બનીને એ હાજર થઈ ગયો. “He fed the crowd on a few crumbs of bread — એણે ટોળાંને રોટીના થોડાક ટુકડાથી ધરવી દીધા...”— લખ્યું છે ને એમણે? દ્રૌપદીનાં વસ્ત્ર હરાતાં હતાં; વ્હાલીડો વસ્ત્ર બનીને આવી પહોંચ્યો. દ્રૌપદીના ભાણામાં ખાણું ખલાસ થયું હતું ને આંગણે અતિથિ આવી પહોંચ્યા હતા; એ અન્ન બનીને આવી લાગ્યો. ભક્તવત્સલ ભગવાન ક્યારે કઈ વિભૂતિનું રૂપ લઇને આવી ચડશે એનું કશું ઠેકાણું નથી.

આ તો બધાં કેવળ પ્રતીકો છે. તમે લોકો આ આખ્યાયિકાઓ વિશે જે માનતા હો તે ભલે માનજો, મારો કશો આગ્રહ નથી. પણ એમાં જે ઇંગિત છે, જે ઇશારો છે, તે મારી દૃષ્ટિએ તો એ છે કે મનુષ્યની આકાંક્ષાનું જેવું સ્વરૂપ હોય છે, તેવું જ રૂપ ધારણ કરીને એ યુગની વિભૂતિ પ્રગટ થાય છે, એ આકાંક્ષાની પૂર્તિ કરવા માટે.

## બુદ્ધની વિભૂતિની પહેલી વિશેષતા : વ્યાપક કરુણા

સમાજમાં તે કાળે ભૂતદયાનો અભાવ હતો. ભૂતદયા ક્ષીણ થઈ રહી હતી, અને તે પણ યજ્ઞને નામે ક્ષીણ થઈ રહી હતી !

> निन्दसि यज्ञविधेरहह श्रुतिजातम् ।
> सदयहृदयदर्शितपशुघातम्
> केशव धृतबुद्धशरीर जय जगदीश हरे ।

સમન્વયની આંખે એણે જોયું, પેલા જયદેવ કવિએ, અને એણે કહી દીધું 'केशव धृतबुद्धशरीर – વિષ્ણુએ જ બુદ્ધનું શરીર ધારણ કરી લીધું હતું.' વિષ્ણુ કહેતાં વ્યાપક. એ વ્યાપક તત્ત્વ, જે જીવમાત્રનું સંગોપન કરે છે, પ્રતિપાલન કરે છે, પોષે છે, તે છે વિષ્ણુ પેલા વિનોબા બેઠા છે તે આ દેશના જબરા શબ્દશાસ્ત્રી છે. એમને તમે જઇને પૂછશો તો વિષ્ણુનો અર્થ આવો કરી બતાવશે કે વિષ્ણુ એ વ્યાપક તત્ત્વ છે.

એ વ્યાપક તત્ત્વને બુદ્ધનું રૂપ લેવું પડયું. ક્યારે ? જ્યારે કરુણા ક્ષીણ થઈ ગઈ હતી અને જીવનની પ્રતિષ્ઠા ફરીથી સ્થાપિત કરવાની આવશ્યકતા પડી હતી. કયા જીવનની, કોના જીવનની ? કેવળ મનુષ્યના જીવનની નહીં, બલ્કે સૃષ્ટિના સમાજજીવનમાં મનુષ્યેતર પ્રાણીઓના જીવનનો અધિકાર પ્રસ્થાપિત કરવાની આવશ્યકતા જ્યારે સમાજમાં ઉત્પન્ન થઈ, ત્યારે એ મહાન આવશ્યકતાની પૂર્તિને માટે એટલી જ ભવ્ય વિભૂતિની આકાંક્ષા ઊભી થઈ અને તેની ગૌતમ બુદ્ધને રૂપે પૂર્તિ થઈ.

## બુદ્ધના સર્વસ્વીકાર દ્વારા વ્યક્ત થતું બીજું વિભૂતિમત્ત્વ : સત્તા અને શસ્ત્રનો સંન્યાસ

બીજી એક વસ્તુ આપણને બુદ્ધની વિભૂતિમાં નજરે ચડે છે. કદાચ આપ લોકોનું પણ તે તરફ ધ્યાન ખેંચાયું હશે. જે લોકો બૌદ્ધ ધર્મી નથી, અર્થાત્ જે બુદ્ધના વિશિષ્ટ ધર્મના નથી, એવા લોકોએ પણ નિરપવાદ રૂપે અને ખુલ્લે દિલે, જગતની કોઈ વિભૂતિને જો વંદી હોય તો તે બુદ્ધની વિભૂતિને. બુદ્ધની વિભૂતિ બૌદ્ધ ધર્મ કરતાં ક્યાંય વધુ વિશાળ અને ભવ્ય છે. દુનિયામાં બુદ્ધના ધર્મને માનનારા લોકો સંખ્યાની ગણતરીએ તો ઘણા છે જ; પણ દુનિયામાં વિભૂતિ તો ફક્ત બુદ્ધની જ એક એવી છે જેની મહત્તાને આખી દુનિયાના લોકોએ પોતાની મેળે ખુલ્લે દિલે માની લીધી હોય. બીજી એકે વિભૂતિનું નામ તમે નહીં ગણાવી શકો. ઈસુને આપણે બધા માનીએ છીએ. ઈસુની વિભૂતિ અત્યંત આકર્ષક વિભૂતિ છે. એણે બધાને માટે પોતાનું બલિદાન આપ્યું, Scapegoat થઈ ગયો, હોળીનું નાળિયેર બની ગયો. એણે મારે અને તમારે માટે ભોગ આપ્યો. He saved others; himself He could not save – એણે બીજાને બચાવ્યા, પોતાની જાતને એ બચાવી ન શક્યો. ઘરનું છાપરું આપણને ટાઢતાપથી બચાવે છે, પણ એ પોતાની જાતને બચાવી શકતું નથી. છત્રી આપણને વરસાદથી રક્ષે છે પણ પોતાનું એ રક્ષણ કરી શકતી નથી. દુનિયાનો ઉદ્ધાર કરવા એ આવ્યા, પણ તે આત્મબલિદાનથી. ઈસુની વિભૂતિમાં આકર્ષકતા છે, ભવ્યતા છે. પણ તો પછી ઈસુની વિભૂતિને બધા લોકોએ કેમ માની ન લીધી? કાલે મેં પેલા એક આફ્રિકનનું વાક્ય આપની સમક્ષ ટાંક્યું હતું, બાઇબલ ઝંડાની સાથે સાથે આવ્યું અને અહીં વાસ્કો–દ–ગામા એમ કહેતો આવ્યો કે મારે ખ્રિસ્તીઓ પણ જોઈએ અને તેજાના પણ જોઈએ.

ઝંડો અને ક્રોસ બંને સાથે સાથે કૂચ કરતાં આવ્યાં. કુરાન અને

તલવાર બંને સાથે આવ્યાં. અને રામ? તો કે' શારઙ્ગપાણિ! એક હાથમાં ધનુષ્ય છે અને બીજા હાથમાં મર્યાદા પુરુષોત્તમના આચરણનું વ્રત છે. શ્રીકૃષ્ણ ભગવાન? એમને કહ્યું કે મુરલી ઊંચી મૂકો ને ચક્ર સુદર્શન લઇને દોડયા આવો! ગૌતમ બુદ્ધની એકલાની જ વિભૂતિ એક એવી છે જેનો સત્તા કે શસ્ત્ર સાથે કશો સંબંધ ન હોય.

દુનિયાના ઇતિહાસમાં પોતાની ઇચ્છાથી અને રાજીખુશીથી શસ્ત્ર-સંન્યાસ કરી નાંખનારો એક જ રાજા થઈ ગયો અને તે બુદ્ધનો અનુયાયી હતો. દુનિયાના જેટલા સાંસ્કૃતિક ઇતિહાસો લખાયા છે, તે બધામાં એક જ રાજાનું નામ લખેલું છે. વેલ્સે એક જ રાજાનું નામ લખ્યું છે, જોડે એક જ રાજાનું નામ લખ્યું છે, બીજા જેટલા સંસ્કૃતિના ઇતિહાસો છે તે બધામાં એક જ રાજાનું નામ આવે છે, એક જ રાજાનો ઇતિહાસ આવે છે, અને તે અશોકનો. બુદ્ધની વિભૂતિની આ ભવ્યતા છે.

## ત્રીજું અશરીર પ્રબુદ્ધાવસ્થા માટે દેહદમન નહીં વ્યાપક સમરસતા મહત્ત્વની છે

બુદ્ધ એમના ધર્મ કરતાં અને એમના ઉપદેશો કરતાં મોટા છે. આપ સહુ જાણો છો કે એમણે ઉગ્ર તપસ્યા કરી, ક્લેશકારી તપસ્યા કરી. કોઈ સાધારણ તપ બુદ્ધ નથી તપ્યા, એમણે ક્લિષ્ટ સાધના કરી અને પછી શા પરિણામ પર પહોંચ્યા? कर्षयन्तः शरीरस्थं भूतग्रामं अचेतसा... शरीरस्थ भूतग्राम કહેતાં ઇન્દ્રિયો. શરીરની ઇન્દ્રિયોનું કેવળ અપકર્ષણ કરવાથી, એમને કેવળ સતાવવાથી, શરીરનું દંડન કરવાથી, દેહદમન કરવાથી, મનુષ્યની બુદ્ધિનો, મનુષ્યના આત્માનો વિકાસ નથી થતો. બુદ્ધ આવા પરિણામ પર પહોંચ્યા. સાથીઓએ એમની નિંદા કરી. બુદ્ધે કહ્યું કે હવે ઉપવાસ નહીં કરું. આ પ્રકારનું તપ હવે નહીં થાય. દેહદમન એ પ્રબુદ્ધતા પ્રાપ્ત કરવાનું સાધન નથી. મનુષ્યે જો પ્રબુદ્ધ અવસ્થાનો પ્રકાશ જોવો હોય તો તે શરીરને સતાવવા માત્રથી નથી થવાનું.

આવો નિષ્કર્ષ તો કાઢ્યો. પણ તે હતો તપસ્યા વિશે, સાધના વિશે. ભલે, પણ એમની રીતની સાધનામાંથી મળ્યું શું ? કોઈ અનોખી અભૂત-પૂર્વ વાત તો એમણે કહી નાંખી નહોતી. એવી તો કશી વાત કરી નહોતી, પણ હા, એક વાત એવી કહી કે દુનિયામાં જે કાંઈ જીવો છે તે જીવમાત્રની સાથે સમરસતા હોવી જોઈએ. વ્યાપક સમરસતા બુદ્ધને રૂપે કરુણાનો સંદેશો લઈને પૃથ્વી પર આવી.

બુદ્ધની વિભૂતિની આ વિશેષતા છે અને તેને કારણે આજના યુગની આકાંક્ષાઓની સાથે, બુદ્ધની વિભૂતિનો મેળ બેઠેલો છે, અનુબંધ થયેલો છે.

## યંત્રીકરણ અને નિઃશસ્ત્રીકરણ— આજના યુગની આ બે આકાંક્ષાઓની વચ્ચે માનવીને દોરતા બુદ્ધ

આજે આપ જાણો છો તેમ યંત્રીકરણનો યુગ એવો તો જામ્યો છે કે ગોરક્ષાની વાત કરનારા અને ગોશાળાઓ ચલાવનારા પણ યંત્રોને અપનાવે છે અને પશુઓને મારે છે. 'મારે છે' કહ્યું તે પ્રત્યક્ષ રીતે નહીં, પણ અપ્રત્યક્ષ રીતે, આડકતરી રીતે મારે છે. આવા યુગમાં આપણે એ દેશમાં જીવી રહ્યા છીએ જે દેશે જીવમાત્ર સાથે સમરસતાની આકાંક્ષા સદીઓથી સેવી છે. મનુષ્યને યંત્રવિજ્ઞાન લાધ્યું છે. માનવ-સમાજ યંત્રવિજ્ઞાનના અનુસંધાનમાં પોતાના સમાજ-જીવનના કલેવરને નવેસર ઘડી રહ્યો છે. ત્યારે બુદ્ધનો સંદેશો એક સમયસરની દીવાદાંડી જેવો આપણા ક્ષિતિજ પર ચમકે છે, અને બીજી બાજુ આજે આખી દુનિયામાં પણ કરુણાની આકાંક્ષા છે, નિઃશસ્ત્રીકરણની આકાંક્ષા છે અને નિઃશસ્ત્રીકરણ એટલે રાજ્યસત્તાનું નિઃશસ્ત્રીકરણ, જેનું પ્રતીક અશોક છે, બુદ્ધને શરણે ગયેલો રાજવી.

## આંબેડકર દ્વારા વ્યક્ત થયેલી ત્રીજી આકાંક્ષાનો અઢી હજાર વર્ષે બુદ્ધે આપેલો જવાબ

ત્રીજી આકાંક્ષા આ દેશમાં આંબેડકરને રૂપે વ્યક્ત થઈ. આંબેડકર

વિશે તમે ફાવે તે કહો, એ એક પ્રાણવાન પુરુષ હતા. એક તો જાણે પ્રાણવાન હતા અને વળી પુરુષાર્થવાન પણ હતા.

ગાંધીને એકવાર પૂછવામાં આવ્યું, "હરિજનોને માટે, ગાંધી, તમે આટઆટલું કરો છો, પણ આંબેડકરને તમારી જરાયે કદર નથી!"

ગાંધીએ કહ્યું, "હું તો એ રીતે વિચારું કે હું આંબેડકરને ઠેકાણે હોત તો? અને હું તમને કહી શકું તેમ છું કે હું એના ચરણ પખાળવા જાઉં ને એ મને લાત મારે તો પણ હું એના કૃત્યને કોઈપણ રીતે ખોટું ન માનું. એની સાથે જે વ્યવહાર થયો છે, એનો પ્રત્યાઘાત એના ચિત્ત પર પડ્યો છે. એ વસ્તુ તો ઊલટું દર્શાવે છે કે એ મડદું નથી પણ જીવંત છે."

જે દેશમાં જાતિ જ વાસ્તવિક હોય, જે સમાજની તમામ સામાજિક સંસ્થાઓમાં સૌથી વાસ્તવિક સંસ્થા જાતિ જ હોય, એ સમાજમાં જે લોકોને જાતિ કઠતી હોય, એવા માણસ શું કરે? એમની પાસે બે જ રસ્તા રહી જાય છે: એક તો ધર્માન્તરનો અને બીજો નવા ધર્મની સ્થાપનાનો. રસ્તા બે જ છે એમ કહેવાનું કારણ એ છે કે ત્રીજો રસ્તો આજે આ શરીરમાં રહીને આપણે માટે ઉઘાડો નથી. એ ત્રીજો રસ્તો છે: જન્માંતરનો. જન્માંતર કરવાથી જાત્યંતર એકદમ થઈ જાય! નવો જન્મ, નવી નાત! જન્મ બદલી નાંખવો એ જાતિ બદલી નાંખવાનું સૌથી વધારે અસરકારક સાધન છે! માબાપ બદલાઈ ગયાં કે નાતજાત બદલાઈ જ ગયાં સમજો. પણ કુદરતે દીધેલાં માબાપ બદલવાં, માબાપને દત્તક લેવાં એ મારા-તમારા કે કોઈનાય હાથની વાત નથી તો! એટલે જે સમાજમાં નાતજાત હોય તે સમાજમાં બે જ રસ્તા ઉઘાડા રહી જાય છે: કાં તો નવો ધર્મ સ્થાપો ને કાં ધર્મને બદલો.

આંબેડકરે પ્રયત્ન તો એવો કર્યો કે ધર્મ ન બદલવો પડે અને છતાં હાલત બદલાઈ જાય. કાયદો કરી-કરાવીને બધું ઠીક કરી લેવાશે એવી

એણે આશા રાખી હતી. પણ જ્યારે કાયદો બની ગયો ત્યારે એણે જોયું કે કાયદો તો પ્રચલિત અને પ્રતિષ્ઠિત સ્વાર્થોને જ ખપ લાગે છે, અને ત્યારે એની પાસે ધર્મપરિવર્તન સિવાય બીજો એકેય માર્ગ જ ન રહ્યો.

" મુસલમાન થઈ જાઉં ? "

જરા ખ્યાલ કરો, એણે શું વિચાર્યું હશે. તમારી જાતને આંબેડકરની દશામાં મૂકી જુઓ. આવી દશામાં માણસ કઈ રીતે વિચારે ?

" મુસલમાન થઈ જાઉં ? પણ તેથી શું વળે ? એ લોકો તો ધર્મની સાથે રાજ્યને સાંકળી લે છે. ધર્મને આધારે રાષ્ટ્રીયતા ખડી કરવાની વાત કરે છે. એ લોકો તો પાકિસ્તાન ઊભું કરે છે. એવો ધર્મ મારે શા કામનો ?... "

" ...તો શું કરું ? ખ્રિસ્તી બની જાઉં ?... પણ ત્યાં કાળા ખ્રિસ્તી અને ગોરા ખ્રિસ્તી વચ્ચે ભેદભાવ છે. એમાં ગયે શી ભલીવાર ? અમેરિકાના બધા હબસીઓ ખ્રિસ્તી જ છે તો ? હિંદુસ્તાનના એંગ્લોઇન્ડિયનો ખ્રિસ્તી જ છે તો ! હિંદમાં તો જે ખ્રિસ્તીઓ છે તે મોટે ભાગે કાળા જ છે અને છતાં ગોરા ખ્રિસ્તી જુદા અને કાળા ખ્રિસ્તી જુદા, એવા ભેદભાવ છે ત્યાં હું ખ્રિસ્તી બનીને શું કરું ? "

પછી વળી વિચાર આવ્યો, " શિખ થઈ જાઉં તો ? "

અને શિખોને આશા બંધાઈ એટલે એમણે ગુરુમુખી ને નાગરી લિપિ વચ્ચેના પંજાબના પ્રસિદ્ધ ઝઘડાઓને ચટપટ નેવે મૂકીને ગ્રંથ સાહેબ નાગરીમાં છાપી કાઢ્યા. એમને થયું કે એમ કરતાંયે આંબેડકર અને એના શિષ્યો શિખ થઈ જાય છે !

પણ આંબેડકર વિચારતો રહ્યો. બંધારણ સભામાં ગયો. ત્યાં શિખો તરફથી એક માગણી રજૂ થઈ કે શિખ હરિજનોને પણ અનામત બેઠક મળવી જોઈએ. સરદાર સાહેબ નવાઈ પામી ગયા. તે કહે, " અરે, અમને

તો આવી ખબર જ નહોતી. શું શિખોમાં શિખ હરિજન પણ હોય છે ?"

આંબેડકરની આંખ ઊઘડી ગઈ. એણે કહ્યું, "આવા શિખ ધર્મમાં જઈને શું કરું ?...ત્યારે હવે શું કરું ? જો પ્રાચીન સમાજસુધારકો પૈકી મહાવીરના જૈન ધર્મ તરફ નજર નાખું છું તો શું જોવા મળે છે ?"

મહાવીરે જૈનધર્મની સંસ્થાપના કરી હશે ત્યારે બધા જૈન કદાચ એક હશે, અને આજે પણ જૈન એક સંપ્રદાય છે. ને એમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર એવા ફાંટા નથી. પ...ણ જૈન પોતે જ એક જાતિ બની ગઇ છે. જ્યારે મંદિર-પ્રવેશનો કાયદો આવ્યો ત્યારે ઠેર ઠેર જૈનોની સભાઓ થઈ ને ઠરાવો થયા કે "ડાકોરજીના મંદિરમાં ભલે પેસવા દો, દ્વારકાધીશના મંદિરમાં ભલે પેસવા દો, ગોરા રામ ને કાળા રામના મંદિરમાં પણ ભલે હરિજનોને જવા દો, પણ અમારાં મંદિરમાં એમને શેના મોકલો છો ? આ તો જૈન મંદિર છે. આ કાંઈ હિંદુ મંદિરો થોડાં જ છે ?" આવું જૈનોએ કહેવા માંડ્યું.

બિચારો આંબેડકર થીજીને બરફ થઈ ગયો !

અને ત્યારે કેવળ બૌદ્ધ ધર્મ એ જ એક એવો ધર્મ એને માટે રહ્યો જેમાં નાતજાત નહોતાં, સંપ્રદાયો નહોતા. જે વ્યક્તિને માટે ધર્માંતર અનિવાર્ય હોય, પણ ધર્માંતર કરીને ઊલમાંથી ચૂલમાં પડવાનો જેને ડર હોય, તે વ્યક્તિને માટે બુદ્ધના નામ પર ચાલનારો ધર્મ એ જ એક માત્ર આશ્રય-સ્થાન રહ્યું હતું. બુદ્ધની વિભૂતિમાં પડેલી આ ત્રીજી વસ્તુ છે. બાકીની બીજી બધી હવે છોડી દઉં.

## ટાઢા વિશ્વયુદ્ધની પરિસ્થિતિમાંથી પુનઃ પ્રકટે છે : કરુણાવતાર બુદ્ધની વિભૂતિ

આજે ચીનમાં કોમ્યુનિસ્ટો પણ બુદ્ધનો ડંકો વગાડી રહ્યા છે. બીજે અનેક ઠેકાણે બુદ્ધને નામે આતશબાજીઓ અને હવાઈઓ ઊડી રહી છે. તેવે વખતે આ દેશમાં શું છે ? આ દેશમાં સનાતનીઓનાં

સુંદર સુંદર મંદિરો છે. શિખોનું સુવર્ણ મંદિર છે. જૈનોનાં તો લગભગ દરેક પહાડ પર સો સો મંદિરો છે અને તેય મોટે ભાગે સંગેમરમરનાં! પણ બુદ્ધને માટે તો આ દેશને ખંડેરોનો જ જીર્ણોદ્ધાર કરવો પડી રહ્યો છે. બુદ્ધ-મંદિરો ખંડેર થઈ ગયાં હતાં.

જીર્ણોદ્ધારની આ આકાંક્ષા કેમ પેદા થઈ ? રાજકીય ક્ષેત્રમાં સંસ્થાનવાદનો શિકાર થઈ પડેલું એશિયા જાગી ઊઠયું છે. તિબેટના લામા બૌદ્ધ ધર્મના અંગસ્વરૂપ છે. ચીનની આસપાસ જેટલા દેશ છે તે બધા બૌદ્ધ ધર્મ પાળનારા છે. અને તેથી કોમ્યુનિસ્ટ ચીનને પણ बुद्धं सरणं गच्छामि કહેવું પડયું. આ એક વ્યાવહારિક, રાજનૈતિક આકાંક્ષા છે. આ આકાંક્ષાઓને લઈને બૌદ્ધ ધર્મમાં આજે એક નવી ચેતનાનો સંચાર થતો વરતાય છે, એ અંગ મરડીને બેઠો થતો જણાય છે. પરંતુ રાજનૈતિક આકાંક્ષા સાવ જુદી જ ચીજ છે. મેં તો સમાજમાં જે માનવીય આકાંક્ષા છે એનું પ્રતીક આપની સમક્ષ રજૂ કરી દીધું છે. આજે કરુણાની આકાંક્ષા સાર્વભૌમ છે; આજે આ યુગમાં સાર્વત્રિક કરુણાની, વ્યાપક કરુણાની આકાંક્ષા ઠેર ઠેર માનવીનાં હૈયાંમાં સળવળી રહી છે.

બીજી છે સાર્વત્રિક સમત્વની આકાંક્ષા. કાલે મેં આપને કહ્યું હતું ને કે સાંપ્રદાયિક સમત્વ જુદી વસ્તુ છે તેમ જ રાષ્ટ્રીય સમત્વ પણ જુદી વસ્તુ છે. જર્મનીની સમાનતા અલગ, ફ્રાંસની અલગ; હિંદુઓની સમાનતા નોખી અને મુસલમાનોની સમાનતા નિરાળી. અલ્લાહની નિગાહમાં તમામ મુસલમાનો સરખા છે, પણ મુસલમાન ને કાફિર સરખા ન ગણાય ! અદનામાં અદનો બ્રાહ્મણ અને મોટામાં મોટો વિપ્ર ભગવાનની દૃષ્ટિમાં સરખો પવિત્ર ખરો કે ? અવશ્ય. પણ બ્રાહ્મણ અને ભંગીની પવિત્રતા સરખી ખરી કે ? શિવ શિવ ! એ શું બોલ્યા ?

અને તેથી આજના યુગને બીજી પણ એક ભૂખ લાગી છે, એના હૈયામાં બીજી પણ એક આકાંક્ષા તરફડે છે, અને તે છે વ્યાપક, સાર્વત્રિક સમાનતાની આકાંક્ષા.

કરુણાની અને સમત્વની આ બે આકાંક્ષાઓને કારણે આજે બુદ્ધ ભગવાનનું સ્મરણ ફરીથી આપણને તાજું થયું છે. માત્ર આપણને જ નહીં, એશિયાના તમામ લોકોને બુદ્ધ સાંભરી રહ્યા છે. કારણ કે એક રાજકીય આવશ્યકતા પેદા થઈ ગઈ છે.

પરિસ્થિતિમાં જરૂરિયાત વરતાય એ જરૂરી છે. પરિસ્થિતિમાં જરૂરિયાત પેદા ન થાય તો શું થાય છે ? ધર્મ પરલોકમાં રહી જાય છે અને આપણે બધા પામર મનુષ્યો ઇહલોકમાં જ રહી જઈએ છીએ. God is in his heaven and all is well with the world... ભગવાન પૃથ્વી પર ટપકી પડતો નથી ત્યાં સુધી અહીં બધા નિરાંતે 'સુખ' માં ખદબદે છે !

તેથી આકાંક્ષાને માટે એ ખૂબ જરૂરી છે કે પરિસ્થિતિમાં એને માટે એક આવશ્યકતા પેદા થાય. એ આવશ્યકતા ચીનમાં પેદા થઈ, તિબેટમાં પેદા થઈ અને ચીન તથા તિબેટ સાથે આપણી દોસ્તી હોવી જોઈએ તેથી આપણામાં પણ પેદા થઈ.

ચીનમાં સિત્તેર કરોડ જેટલાં માનવી વસે છે અને આપણે ત્યાં ? ચાલીસ કરોડ ! સિત્તેર કરોડ અને ચાલીસ કરોડ જો એક થઈ જાય તો અડધી દુનિયા સમાપ્ત ! તેથી પશ્ચિમના લોકોની શી કોશિશ છે ? કે કેમે કરતાં આ બે એક ન થઈ જાય ! આ જે કાશ્મીરની સમસ્યા અને બીજી બીજી જે સમસ્યાઓ વચવચમાં ખડી થાય છે ને, તે તો બધાં symptoms છે, રોગનાં ચિહ્નો છે, લક્ષણો છે. એ બધાનાં મૂળમાં બીક તો એ છે કે "ક્યાંક આ બે એક થઈ ગયા તો ભારે થશે. અડધી દુનિયા એક થઈ જશે તો બહુ મુશ્કેલ મામલો થઈ પડશે !" આપણે એવી કોશિશ શું કરી ? "સારનાથનો પુનરુદ્ધાર કરો, બોધગયાને ફરી તીર્થક્ષેત્ર બનાવો !" આની આવશ્યકતા પેદા થઈ ગઈ હતી.

## બુદ્ધની કરુણાનો આધાર—શંકરનું વેદાંત

બુદ્ધ પછી કેટલાક લોકોને એવો ખ્યાલ આવ્યો કે જીવનમાં કરુણાને માટે શું ક્યાંય તત્ત્વજ્ઞાનનો કશો આધાર હોઈ શકે ખરો ? વિનોબા આ વાતને એમની વિશિષ્ટ ભાષામાં મૂકે છે : વેદાંત અને અહિંસાનો સમન્વય. વેદાંત શબ્દ શંકરાચાર્યનો મનાય છે.

" ब्रह्मेति वेदांतिनो... " 'સૃષ્ટિનો આધાર બ્રહ્મ છે' એ વેદાંત દર્શન કહેવાય છે.

બ્રહ્મ શી વસ્તુ છે ? એ હું નથી જાણતો. હું બ્રહ્મજ્ઞાની નથી અને તેથી એનો કંઈક ઉલ્લેખ કરવા જઈશ તો I shall explain the known by the more unknown ! ( જાણીતી વાતને વધુ અજાણી વાતથી સમજાવીશ ! ) એટલે હું એ તરખટમાં પડવા માંગતો નથી. હું જે કંઈ સમજ્યો છું તેટલું જ આપને જણાવી દેવા માંગુ છું.

### 'અંગૂઠા–બ્રહ્મ'

સાવ સાધારણ દાખલો છે, નિશાળીઆઓ સમક્ષ મેં આપેલો અને એ દાખલો છે પણ અમે નિશાળે જતાં તે દિવસોનો.

અમારી નિશાળની હદમાં આમલીનાં ઝાડ હતાં. માસ્તર સાહેબની નજર આઘીપાછી હોય ત્યારે અમે આમલી ખાવા છટકી જતા. પણ ત્યાં જઈ ચુપચુપ ખાઈને પાછા આવી જઈએ તો તો અમારા આત્માને ચેન શેનું પડે ? ત્યાંથી થોડીક આમલી, માસ્તરની સોટીનું જોખમ વહોરીને પણ, અમે ખીસામાં ભરી લાવતા અને પછી માસ્તર ન જુએ તેમ બીજા છોકરાઓને દેખાડી દેખાડીને ખાતા અને ઉપરથી એમને અંગૂઠો બતાવતા તે જુદો ! અને બીજા છોકરા આમલી ખાવા અધીરા થઈ જાય ને ઊંચા-નીચા થાય ત્યારે જ અમને પિતૃઓ સ્વર્ગમાં પહોંચી ગયા જેવો સંતોષ થતો. તે વિના અમને આમલી ખાવામાં કશો સવાદ ન આવતો.

હવે આમાં, આમલી હું ખાઉં છું અને પાણી પેલાના મોંમાં આવે છે! આનો કશો ખુલાસો વિજ્ઞાન પાસે છે? દુનિયાનું કોઈ વિજ્ઞાન આનો જવાબ આપી શકે તેમ છે?

વળતે દિવસે હું જાઉં છું, સત્યનારાયણની કથામાં આપ સહુના જીવનમાં બને છે, તેવી જ ઘટના મારા જીવનમાં પણ બની.

ત્યાં પ્રસાદમાં મને એક પેંડો મળ્યો. પેંડો મેં ખાધો નહીં. મારો જોડીદાર મને પૂછે છે:

"અલ્યા ખાતો કેમ નથી? સાચવી શેનો રાખે છે?"

મેં કહ્યું, "મારો દોસ્ત ત્યાં બોર્ડિંગમાં બેઠો છે. એને આપીશ પછી ખાઈશ.

"એકલા ન ખવાય?"

"ખવાય, કેમ ન ખવાય. પણ એકલા ખાવામાં કંઈ મજા નથી આવતી."

બોર્ડિંગ પહોંચ્યો, પેંડો ધર્યો. દોસ્ત સમજ્યો કે બે મળ્યા હશે તેમાંથી આ એક મારે માટે લઈ આવ્યો હશે. એ આખો પેંડો લઈને મોંમાં મૂકી દે છે.

અને ત્યારે મારું શું થાય છે? ખાય છે એ, સવાદ મને આવે છે; કેમકે લાવ્યો'તો જ એને માટે ને!

## બાઈબલ અને વેદાંત

આવું શાથી, એનો ખુલાસો કયું વિજ્ઞાન કરી શકશે? આનો ખુલાસો, આની મીમાંસા, આની ઉપપત્તિ, શંકરાચાર્યનું વેદાંત પૂરી પાડે છે. એ કહે છે કે ખાનારો તારી અને એની અંદર એક જ છે.

સમવેદના ક્યાંથી આવી ? સહાનુભૂતિ ક્યાંથી આવી ? તો કહે છે : મહતત્ત્વમાંથી આવી ? એક એવું તત્ત્વ છે જે તારી અને એની અંદર અનુગત છે, રહેલું છે. ને તે એક જ છે. એકત્વ છે, તેથી સહાનુભૂતિ છે. વેદનામાં સમરસતા છે, તેથી સમવેદના છે. Love thy neighbour as thyself. Love thine enemy. બાઇબલે કહ્યું કે તારા પડોશીના પર આત્મવત્ પ્રેમ કર ! તારા શત્રુને પ્રેમ કર ! તો ભગવદ્ગીતારહસ્યના અધ્યાત્મ પ્રકરણમાં રહસ્યકાર તિલકે આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો : આ તે શું કોઈ ethics છે, નીતિ છે ? " તારા પાડોશીને તારી જાતની જેમ પ્રેમ કર ! તારા દુશ્મનને પણ પ્રેમ કર ! દુશ્મન તારો પાડોશી છે ! Love thy neighbour ! Love thine enemy, because thy enemy is also thy neighbour. તારો દુશ્મન પણ તારો પાડોશી છે. "

તે વખતે તો બાઈબલે આ કહ્યું; હવે ક્રુશ્ચેવ કહી રહ્યો છે. ક્રુશ્ચેવ ઇંગ્લેંડ ગયો ત્યારે ખબર છે, એણે શું કહ્યું હતું ? બિલકુલ ઈશુની વાણી બોલ્યો હતો : " You don't like our communism. We don't like your capitalism. And still we have got to live together, because we are neighbours. And we cannot choose our neighbours for us. —તમને અમારો સામ્યવાદ નથી ગમતો. અમને તમારો મૂડીવાદ નથી ગમતો. અને છતાં આપણે સાથે રહે જ છૂટકો છે, કેમકે આપણે પાડોશી છીએ. અને આપણો પાડોશી આપણે પસંદ કરી શકતા નથી. "

તદ્દન બ્રહ્મજ્ઞાન જ ભાખ્યું હતું ને ? હવે આ શંકરાચાર્યના વેદાંતનું ભાષ્ય વિનોબાએ કાંઈ કરવાપણું રહ્યું ? હવે તે માટે આપને વિનોબાની જરુર નથી રહી. હવે તો ક્રુશ્ચેવે કહી દીધું કે આપણો દુશ્મન આપણો પાડોશી છે. એની સાથે co-existence—સહજીવન વિના છૂટકો નથી.

ગીતારહસ્યકારે અહીં એક પ્રશ્ન ખડો કર્યો છે : " હું એને શા માટે પ્રેમ કરું ? "

અને તિલકે એનો જવાબ પણ આપ્યો જ છે : " Because thy neighbour is thyself, thy alter ego, other self. "—કેમકે તારો પાડોશી એ તારી જ જાત છે, તારો જ વૈકલ્પિક અહં છે, બીજી જાત છે. તારું જ એ બીજું સ્વરૂપ છે. ' इन्द्रो मायाभिः पुरुरूप क्रियते ' ઉપનિષદ્‌માં એક વાક્ય છે. માયા કોને કહે છે ? એક જ ઇન્દ્ર, પુરુરૂપ કહેતાં અનંતરૂપ ધારણ કરી લે છે તેથી જ એને માયા કહે છે. એના અનંતરૂપ નજરે પડે છે.

## અદ્વૈતનું અધિષ્ઠાન

" એ તારો મિત્ર છે ? "

તો કહે છે, " એ મારો મિત્ર નથી, He is another self—એ મારી જ બીજી જાત છે. એ મારો મિત્ર નથી, એ બીજો હું જ છું "

આવું થાય ત્યારે લોક કહે છે કે મિત્રોની વચ્ચે તાદાત્મ્ય છે. જીવ એક છે, ખોળીયાં બે છે. કરુણા અને સ્નેહનું અધિષ્ઠાન શું ? સ્નેહ અને કરુણાનો આધાર છે આત્મીયતા અને આત્મીયતાનો આધાર છે અદ્વૈત. શંકરાચાર્યના વેદાંતમાં આ अद्वैत નું અધિષ્ઠાન મળે છે.

હવે આને જીવનમાં કઈ રીતે દાખલ કરવું ? શંકરાચાર્યનો બીજો એક શબ્દ છે જે જીવનની કલાનો વાચક છે. એ છે समन्वय. જીવનના દર્શનનો વાચક શબ્દ છે अद्वैत. અદ્વૈત એ દર્શન છે, જ્યારે વર્તન અથવા આચાર દર્શાવતો શબ્દ છે, સમન્વય. સમન્વય એટલે વિરોધોનો પરિહાર. ભિન્નતાઓ અને વિશિષ્ટતાઓનો પરિપોષ, પણ બધા વિરોધોનો પરિહાર, એ સમન્વય કહેવાય છે. समन्वय એ કાંઈ ખરલ-દસ્તો નથી, જેમાં બધી જુદી જુદી સામગ્રી વાટી નાંખી એટલે થઈ ગઈ ચટણી !

જુદી જુદી વસ્તુઓને પરાણે વાટીને એક 'માસ'—એક જથ્થો બનાવી નાંખવો એ સમન્વય નથી. બધાનું કચુંબર કરવું કે ચટણી બનાવવી એ સમન્વય કર્યો ન કહેવાય. વ્યક્તિગત અને સામૂહિક તમામ વિશેષતાઓ અને ભિન્ન લક્ષણોનો પરિપોષ અને વિરોધોનો પરિહાર એ સમન્વય કહેવાય છે.

શંકરાચાર્યના બે શબ્દો છે: अद्वैत અને समन्वय. આ બે શબ્દોમાં મોટા ભાગનું શાંકરદર્શન સમાઈ જાય છે. શંકરાચાર્યના સમસ્ત તત્ત્વ-જ્ઞાનને આવરી લે તેવા બે-ત્રણ શબ્દો છે. હવે ત્રીજો શબ્દ જોઈએ.

### સંન્યાસ

શંકરાચાર્ય સાથે સંકળાયેલો ત્રીજો શબ્દ છે: संन्यास. એમણે कर्मसंन्यास કહ્યો છે, કેવળ संन्यास નહીં.

આ શબ્દ ક્યાંથી આવ્યો? બુદ્ધ પછી શંકરનો આવિર્ભાવ થયો માટે આ શબ્દ આ રીતે આવ્યો. બુદ્ધના જમાનામાં, જો કે બુદ્ધ પોતે એને માટે જવાબદાર નહોતા, પણ બુદ્ધના જમાનામાં સંન્યાસ એક સંપ્રદાય તેમ જ એક દીક્ષા બની ગયો. ભિક્ષુ અને ભિક્ષુણીઓનો એક સ્વતંત્ર ધર્મ બની ગયો.

બુદ્ધ અને મહાવીર બંનેના અનુયાયીઓમાં તમે એક વાત જોઈ હશે. તિબેટ બૌદ્ધ છે, ચીનમાં બૌદ્ધો ઘણા છે, જાપાનમાં બૌદ્ધો ઘણા છે. પણ તમે જોયું હશે કે આ તમામેતમામ દેશ શસ્ત્રધારી છે. આજે કહે છે કે ચીન પાસે રશિયા અને અમેરિકાના જેટલી જ સેના છે, અને એ ચીન કયું? તો કે' બુદ્ધની ઉપાસના કરનારું ચીન.

મહાવીરના અનુયાયીઓના તાબામાં તિજોરીઓ છે અને દરવાજે તલવારધારી દરવાનો ખડા છે. એમને જઈને પૂછો, "આવું કેમ?"

તો કહેશે, "યતિઓનો ધર્મ અલગ છે અને ગૃહસ્થોનો અલગ છે."

**જે યતિ છે તે ગૃહસ્થ નથી, જે ગૃહસ્થ છે તે યતિ નથી.**

"અહિંસા કોને માટે છે?"

"યતિઓને માટે સુરક્ષિત, રિઝર્વ્ડ!"

"અને આપણા માટે?"

"આપણા માટે મનુષ્યો સિવાય બીજા બધાની સાથે અહિંસા! ...શું કરીએ આટલી અમારી મર્યાદા છે."

અસંગ્રહ અને અહિંસાની આ દશા આપણે આજે જોઈએ છીએ. બ્રહ્મચર્ય અને સંન્યાસની આવી સ્થિતિ બુદ્ધ અને મહાવીર પછી આ દેશમાં થઈ. અને એ પરિસ્થિતિમાં શંકરાચાર્ય આવ્યા. ત્યારે શંકરાચાર્યે કહ્યું, "બ્રહ્મચર્ય અને સંન્યાસ એ નિષ્ઠાઓ છે, આવસ્થાઓ નથી."

અવસ્થા અને નિષ્ઠા વચ્ચે ફેર છે. વીસ વરસની જનમટીપ પામેલો કેદી બ્રહ્મચર્યની અવસ્થામાં છે, પણ બ્રહ્મચર્યની મનોવૃત્તિમાં નથી. અને એમ બને કે એક જણ રાતદિવસ સમાજ વચ્ચે રહે છે, હરે છે, ફરે છે અને છતાંયે સંયમી છે, બ્રહ્મચર્યની વૃત્તિમાં છે. બ્રહ્મચર્ય એક નિષ્ઠા છે અને સંન્યાસ પણ એક નિષ્ઠા છે.

**બુદ્ધ: "દુઃખ કર્મોનું ફળ છે..."**
**શંકર: "...માટે સર્વકર્મસંન્યાસ એ ધ્યેય છે."**

સંન્યાસી કોણ છે?

સદાચાર જેનું સ્વરૂપ બની ગયું છે. સદાચાર જેનો સ્વભાવ બની ગયો છે. એ કર્મ કરતો નથી. શારીર કર્મ અને વિહિત કર્મ બંને જેને સહજ થઈ ગયાં છે शारीरं केवलं कर्म* શરીરધર્મ જેટલો સ્વાભાવિક

---

* ગીતા ૪ : ૨૧ કર્મ-સંન્યાસની એવી દશા જ્યારે શરીર માટે શરીરથી કર્મ થાય છે પણ મનમાં કશી ઈચ્છા નથી. શાસ્ત્રોએ કહેલાં વિહિત કર્મ અને શરીરયાત્રા અંગેનાં કર્મો સહજ થઇ ગયાં છે. એમાં હેતુ નથી રહ્યો. આવી મુક્ત દશા ગીતાએ વર્ણવી છે તેનો આ ઉલ્લેખ છે.

છે, તેટલું જ સ્વાભાવિક ધર્માચરણ થઈ ગયું છે, એ સહજાવસ્થામાં જે રહે છે તે મુક્ત પુરુષ સંન્યાસી છે. એ મુક્ત પુરુષને માટે શંકરાચાર્યે કહ્યું " अविद्यावान् विषयान्येव सर्वशास्त्रान् "—શાસ્ત્ર કોના માટે છે? જેને દર્શન નથી થયું, જે હજી સુધી અવિદ્યાવાન છે, તેને માટે અને જેને દર્શન થઈ ગયું હોય તેને માટે?

धर्मोऽपि मुमुक्षोः किल्बिषम् एव—મુમુક્ષુને માટે ધર્મ પણ પાપ-રૂપ અર્થાત્ બંધનરૂપ થઇ જાય છે. મુમુક્ષુને માટે સદાચાર પણ બંધનરૂપ થઈ જાય છે. तद् यथेह कर्मचितो लोकः क्षीयते तथैवामुत्र पुण्यचितो लोकः क्षीयते—કર્મનું ફળ ઇહલોકમાં જ નષ્ટ થતું હોય તો તે કર્મફળ સર્વલોકમાં પણ નષ્ટ થાય છે.

લોકોએ પૂછ્યું, " તને ભગવાને છેક આવો કેમ બનાવ્યો ? "

તો કહે છે, " ભગવાન જો મને બનાવનારો હોય તો હું એનો દુશ્મન બની જઇશ. " કાલે મેં આપ લોકોને કહેલું કે " જે ભગવાને મને આવી સૂરત આપી હોય એનો હું દોસ્ત કઇ રીતે રહી શકું, તમે જ કહો ! "

શંકરાચાર્યે કહ્યું, " ઈશ્વર સૃષ્ટિનો નિર્માતા નથી, અભિવ્યક્ત કરનારો છે. એ સૃષ્ટિને કેવળ વ્યક્ત કરે છે, ઉત્પન્ન નથી કરતો. " એ જો ઉત્પન્ન કરનારો હોત તો એ જવાબદાર હોત, હું નહીં, અને હું ? હું તો પુરુષ છું. પુરુષ જવાબદાર છે એ પોતાની જવાબદારી ભગવાનને માથે ઢોળી પાડે એ તો બેજવાબદારી થઈ કહેવાય. પુરુષાર્થ અને કર્તૃત્વનું લક્ષણ જ એ છે કે જવાબદાર આપણે ભગવાનને નહી માનીએ. આ મનુષ્યનો આત્મપ્રત્યય અને આ મનુષ્યની નમ્રતા. બંને એ હદે પહોંચી ગયા કે એણે કહ્યું, " મારા કામને માટે જવાબદાર ભગવાન નથી. " બુદ્ધે કહ્યું હતું કે દુઃખ કર્મનું ફળ છે. શંકરાચાર્યે કહ્યું કે દુઃખ જો કર્મનું ફળ હોય તો કર્મની જવાબદારી મારી છે.

મનુષ્યોને કર્મસ્વાતંત્ર્ય હોવું જોઈએ. બુદ્ધ નિરીશ્વરવાદી થયા, શંકરાચાર્ય ઈશ્વરવાદી થયા. પણ આની ઈશ્વરનિષ્ઠામાં મનુષ્યનું કર્મસ્વાતંત્ર્ય અબાધિત રહ્યું. કર્મસ્વાતંત્ર્ય જેને સહજ બની ગયું તે મનુષ્ય કર્માતીત બની ગયો, ધર્માતીત બની ગયો, રાજ્યાતીત બની ગયો. He becomes a law unto himself. સમાજમાં સમાજને માર્ગદર્શક વ્યક્તિઓ કોણ બને? તે બને જેનું જીવન જ તત્ત્વમય બની ગયું હોય. જેના દર્શન અને જીવનમાં અંતર નથી રહ્યું, જેને જોતાં બરાબર તમે પામી જાવ છો કે અહીં તત્ત્વ અને દર્શન મૂર્તિમાન થઈ ગયાં છે. જેના જીવનમાં દર્શન ચરિતાર્થ થઈ ગયું છે, એને સંન્યાસી કિંવા મુક્તપુરુષ કહો. સમાજના નિયંત્રણથી એ અતીત છે, પર છે. એ રાજ્યાતીત છે, સરકારના કાયદાઓથી પર છે, કારણ કે એ જાતે જ જાતને કાયદારૂપ બની ગયો છે.

આવા જે રાજ્યાતીત પુરુષો હોય છે એમને વિશે એમ માનવામાં આવ્યું કે એમનું civic death થઈ ગયું છે, નાગરિક તરીકે એમનું મૃત્યું થઈ ગયું છે. તેથી તો એ સંન્યાસી થઈને નામ બદલી નાંખે છે. નામ કેમ બદલ્યું? એટલા માટે કે ક્યાંક પેલી જે નાગરિકતાની શૃંખલાઓ અગાઉ બાંધતી હતી તે આ નવી અવસ્થામાં પણ ભેગી ભેગી આવી ન જાય!

## શંકર–ગાંધી–માર્કસની સમાન આસ્થા :
## "માનવ સ્ફટિક શુદ્ધ છે, અશુદ્ધિ પરિસ્થિતિની પ્રતિચ્છાયા છે"

શંકરાચાર્યે સંન્યાસને માટે જે શબ્દ વાપર્યો છે તે આપની સમક્ષ રજૂ કરું. શબ્દ છે : स्वरूपावस्थान. સંન્યાસ દીક્ષા નહીં, સંન્યાસ આશ્રમ નહીં. પોતાની વાસના કશી નથી રહી ગઈ, પોતાનો વિકાર કશો નથી રહી ગયો, એટલે વિકાર અને વાસનાથી પ્રેરિત કર્મની જગાએ સત્કર્મ કરવાને માટે પણ કોઈ અવાંતર (બીજી) પ્રેરણા હવે નથી.

આપણે માટે સત્કર્મની પ્રેરણા કઈ છે? વાસના અને વિકારની

જગ્યાએ સદાચારનો અભ્યાસ કરવા માટે વિવિધ કર્મોની આપણે માટે આવશ્યકતા હોય છે.

"સારું કામ શા માટે કરવું ?"

"એટલા માટે કે નહીં તો તમે ખોટું કામ કરવાના છો."

પણ વાસના અને વિકાર જ નિવૃત્ત થઈ ગયા, પછી કર્મની પ્રેરણા કઈ રહી ? શરીરધર્મને માટે જેને કોઈપણ બાહ્ય પ્રેરણાની જરૂર નથી, એવો એ સદાચારરૂપ બની ગયો. આ છે स्वरूपावस्थान સંન્યાસ.

ગાંધીને પૂછ્યું, "તેં અહિંસા શબ્દનો ઉપયોગ શા માટે કર્યો ? એ તો નકારાત્મક શબ્દ થયો. કોઈ ભાવરૂપ – રચનાત્મક – હકારાત્મક – શબ્દ કેમ નથી વાપરતો ? દા૦ત૦ પ્રેમ શબ્દ શા માટે નથી વાપરતો ?"

ત્યારે ગાંધીએ જવાબ આપ્યો હતો, હિંસા નીકળી ગઈ તો પ્રેમ તો મનુષ્યનો સ્વભાવ છે, સ્વરૂપ છે. દ્વેષને માટે જો કશું નિમિત્ત જ ન રહે તો પ્રેમ તો એનું સ્વરૂપ જ છે !"

અને તમને આશ્ચર્ય થશે કે કાર્લ માર્ક્સ આ જ સિદ્ધાંતમાં માનતો હતો. માર્ક્સે આપણને શું કહ્યું ?

"પરિસ્થિતિ બદલી નાંખો તો મનુષ્યને બદલવાની જરૂર જ નથી. કેમકે એ પોતે આમ તો સારો છે. મનુષ્યમાં જે કાંઈ દોષો આવી ગયા છે તે આ પરિસ્થિતિને કારણે જ આવી ગયા છે. એ પરિસ્થિતિને તમે ખસેડી નાંખી કે દોષ આપોઆપ હટી જશે."

એ કહે છે ને કે class–conflict અર્થાત્ વર્ગ-સંઘર્ષને જો ખતમ કરવો હોય તો વર્ગોને ખતમ કરો. વર્ગોને ખતમ કરી નાંખ્યા હોય, સંઘર્ષના અવસર જ સમાજમાંથી નીકળી જાય, તો મનુષ્ય સંઘર્ષ ઇચ્છતો જ નથી; લોભ કરવાના અવસર જ જો તમે ખતમ કરો, ખોટું કરવાનાં કારણોને જ જો સમાજમાંથી નાબૂદ કરો, તો મનુષ્ય પોતે તો સાવ સારો–નરવો જ છે.

આ જ behaviourism–પ્રતિવર્તનવાદ કહેવાય છે ને ? તમે જો પરિસ્થિતિને અનુકૂળ કરી નાંખો તો પછી બીજું કશું જ કરવાની જરૂર નથી. પરિસ્થિતિમાં જે કાંઈ કારણો હોય, તે તમામ કારણોનું નિરાકરણ કરી નાંખો.

**બુદ્ધ વેદનિંદક હતા તેમ માર્કસ ધર્મનિંદક હતો**

કાર્લ માર્કસને અંગે લોકોએ એવું કહ્યું કે એ તો ધર્મને ધિક્કારતો હતો. તેથી તો મેં વેદની નિંદા કરનારા ગૌતમબુદ્ધ વિષેનો શ્લોક આરંભમાં જ જયદેવ કવિની અષ્ટપદીમાંથી ટાંકયો હતો : निन्दसि यज्ञविधेरहह श्रुतिजातम्—શ્રુતિજાત–શ્રુતિપ્રણીત યજ્ઞવિધિની તેં નિંદા કરી, આવું એ જયદેવ કવિએ કહ્યું અને આજે પણ મોટા ભાગના બૌદ્ધ ભિખ્ખુઓ બુદ્ધને નિરીશ્વરવાદી ગણાવે છે.

બુદ્ધે વેદને માનવાનો પણ ઇન્કાર કરી દીધો અને ઈશ્વરને માનવાનો પણ ઇન્કાર કરી દીધો.

તે જ રીતે કાર્લ માર્કસને પણ કેમ ધર્મનો ઇન્કાર કરવો પડયો ? એટલા માટે કરવો પડયો કે ધર્મે ઈશ્વરને આસ્થાના ચુસ્ત આસનમાં કેદ કરી દીધો હતો. Religion had confined God to the rigid attitude of faith. એને એણે ત્યાં સ્વર્ગમાં સલામત કરી નાંખ્યો હતો–બાદશાહ સલામત. સંપૂર્ણ ધર્મ પારલૌકિક બની ગયો હતો અને ધર્મને આધારે ગરીબી અને અમીરીનું સમર્થન થઈ રહ્યું હતું. “ગરીબ હંમેશાં રહેશે, ગરીબી પણ રહેશે ને અમીરી પણ રહેશે. તમારે ફક્ત એટલું જ કરવાનું રહેશે કે તમામ ગરીબોને દાન આપી દો. એમને માટે ચિત્તમાં કરુણા સેવો.”

આમ ધર્મનો ટેકો કોને ? તો કે’ સમાજમાં જે ઊંચનીચના ભેદભાવ હતા તેને. ધર્મનું સમર્થન ભેદને મળતું હતું.

ત્યારે એણે કહ્યું, કાર્લ માર્કસે, કે ધર્મ માનવીને ગાફેલ કરી નાંખે

છે, ભૂરકી નાંખે છે. એ ધર્મ નશાની ગોળી છે, અફીણની ગોળી છે, opium છે. એ આપણી બુદ્ધિને અને ચેતનાને ઉંઘાડી દે છે.

દુનિયામાં જેટલા ધર્મસંસ્થાપકો થયા છે, જેટલા ધર્મસુધારકો થયા છે, એ બધાની એક વિશેષતા છે કે એ જમાનાના લોકોએ એમને પાખંડી અને નાસ્તિક કહ્યા છે. બુદ્ધને વિશે પણ આવાં વિશેષણો વપરાયાં છે. એવું કહેવામાં આવ્યું છે કે તે કાળે જે લોકો દુષ્ટ થઈ ગયા હતા, એમની બુદ્ધિને વ્યામોહિત કરવાને માટે બુદ્ધ આવ્યા હતા. પાછળના સનાતનીઓએ આવું કહ્યું છે. મહાવીરને વિશે પણ એવું જ કહ્યું છે. એમને ભગવાનનું સ્વરૂપ તો માન્યા, પણ કહ્યું કે ભગવાન પણ કદી કદી લોકોને ઘેનમાં નાખવા માટે આવા છળવેશ ધારણ કરીને આવે છે ! એમના તમામ વિરોધીઓએ આવી વાતો કરી છે. માર્ક્સને વિશે પણ આવું જ કહેવાયું છે.

### વિભૂતિમત્ત્વ વાદમાં નથી વસતું, સંવાદમાં વસે છે

બુદ્ધની વિશેષતા એમના क्षणिकं क्षणिकं शून्यम् शून्यम् કે दुःखम दुःखम् માં નથી. બુદ્ધની વિશેષતા એમની વ્યાપક અને સાર્વભૌમ કરુણામાં છે.

શંકરાચાર્યની વિશેષતા એમના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાતુર્વર્ણ્યની પુનઃસ્થાપનામાં નથી, બલ્કે એમની પંચાયતન પૂજામાં તથા સમન્વય અને અદ્વૈતના તત્ત્વજ્ઞાનમાં છે અને નિષ્કામ કર્મયોગના પરિપાક સ્વરૂપે સહજ કર્મમુકિત, જેને એમણે સંન્યાસ કહ્યો, તેનાં દર્શનમાં છે.

એ જ રીતે માર્ક્સની વિશેષતા dialectical materialism માં નથી.

એનું તો એવું છે કે દરેક દ્રષ્ટાને પોતાની અભિવ્યક્તિ માટે સૃષ્ટિ તથા જીવન વિશેના કોઈ ને કોઈ જુદા તત્ત્વજ્ઞાનનો આધાર લેવો પડે છે.

કેટલાંક પ્રચલિત તત્ત્વજ્ઞાનો હોય છે, એમાં થોડોઘણો સુધારો જે તે કાળે વ્યક્તિ કરી લે છે.

પરંતુ તેથી કોઈ તેવી વ્યક્તિઓ પાસેથી સમાજને આખરે જે સાંસ્કૃતિક સંપત્તિ મળે છે, એ સંપત્તિ સ્વીકાર કરવાની તો કોઈ ના ન કહી શકે; અમુકતમુક તત્ત્વજ્ઞાન લઈને ચાલ્યો તેથી એણે આપેલાં સાંસ્કૃતિક વારસાને અમે અડીશું પણ નહીં, એનો અમે સતત વિરોધ જ કરીશું, એવો આંધળો વિરોધ તો ન થઈ શકે.

**માર્ક્સની વિશેષતાઓ :**
**"માનવ સમાન થવાનો જ છે–ઐતિહાસિક નિયતિ..."**
**...અને તે પોતાના જ વૈજ્ઞાનિક પુરુષાર્થથી થવાનો છે–વૈજ્ઞાનિક ક્રાંતિ"**

પણ માર્ક્સની વિશેષતા કઈ વસ્તુમાં છે ?

કાર્લ માર્ક્સની વિશેષતા બે ચીજોમાં છે :

એણે કહ્યું કે ગરીબી અને અમીરીનો અંત આવશે. આ સૃષ્ટિની નિયતિ છે, ઇતિહાસની નિયતિ છે. ( વિધિનો લેખ છે. ) દુનિયામાં જે દબાયેલા કચડાયેલા લોકો હતા, સર્વસ્વ ખોઈ બેઠેલા હતા, જે અનાથ ને ગરીબડાં હતાં, જે પડેલાં, ઊંઘતાં, સબડતાં અને પછાત હતાં—એ લોકોને માર્ક્સે આશાનો એક સંદેશો આપ્યો. ભગવાન શ્રીકૃષ્ણે પણ એવો એક સંદેશો ગીતામાં પાપીઓને આપ્યો હતો ને ? अपि चेत् सुदुराचारो भजते मां अनन्यभाक् । साधुरेव स मंतव्यः सम्यग् व्यवसितो हि सः ।—તું પાપીઓમાં સૌથી મોટો પાપી હોય, સુદુરાચારી કહેતાં દુરાચારીઓમાં સહુથી મોટો દુરાચારી હોય, તો પણ જો તું મારે રસ્તે આવી ગયો હોઈશ, તો તું सम्यग् व्यवसित છે. सम्यग् व्यवसित કહેતાં એવે રસ્તે ચડી ચૂકેલો માનવી, જે રસ્તે નક્કી ઠામ પહોંચવાનો જ. જે કોઈ આ રસ્તે આવી ગયો તે પહોંચી જ ગયો સમજવો ! क्षिप्रं भवति धर्मात्मा એ તત્કાલ ધર્માત્મા બની જશે.

આશાનો એક ઘણો મોટો સંદેશો દુનિયાને કાર્લ માર્ક્સે આપ્યો. એણે કહ્યું કે મેં સૃષ્ટિના નિયમોનું અવલોકન કર્યું છે અને ડાર્વિન જેમ એવા નિર્ણય પર આવ્યો છે કે વિકાસક્રમનો પરિપાક મનુષ્યમાં થનાર છે, તે જ પ્રકારે હું એવા નિર્ણય પર આવ્યો છું કે સૃષ્ટિના નિયમોના વિકાસક્રમમાં જે સામાજિક વિકાસ થશે, એમાં ગરીબી અને અમીરી, બંને ખતમ થવાનાં છે. વિજ્ઞાનને આધારે, મેં જે રીતે સૃષ્ટિનું અધ્યયન કર્યું, તે જ રીતે મેં વસ્તુનિષ્ઠ અને જીવનનિષ્ઠ દૃષ્ટિએ ઇતિહાસનું પણ અવલોકન કર્યું છે. હું એને Materialist Interpretation of history કહું છું. Materialistic અને realistic–વસ્તુનિષ્ઠ અને જીવનનિષ્ઠ દૃષ્ટિથી મેં ઇતિહાસનું અવલોકન કર્યું અને હવે હું એવા પરિણામ પર પહોંચ્યો છું કે ગરીબી અને અમીરી ઇતિહાસના ઘટનાક્રમમાં જ નષ્ટ થવાનાં છે.

" શું એમાં માનવીના પુરુષાર્થને માટે કશો મોકો રહેશે ખરો કે નહીં ? કે પછી બધું ઇતિહાસના ઘટનાક્રમ પર જ આધાર રાખે છે ? "

એણે એ જ જવાબ આપ્યો જે શંકરાચાર્યે આપ્યો હતો. શંકર સામે પ્રશ્ન હતો :

" મનુષ્ય જો દૈવને આધીન હોય તો શું એને માટે કશુંયે કર્મ-સ્વાતંત્ર્ય રહે છે ખરું ! જો ભગવાન બધું કરતો-કરાવતો હોય, તો પાપ-પુણ્યને માટે શું મનુષ્યને જવાબદાર લેખી શકાય ? "

શંકરનો જવાબ આપણે જોઈ ગયા.

માર્ક્સ સામે પ્રશ્ન હતો

" Historic or Materialistic determination અર્થાત્ સૃષ્ટિના નિયમોથી અને ઐતિહાસિક ઘટનાક્રમથી જો જે કાંઈ થવાનું હોય તે તમામ થવાનું જ હોય, તો માનવીના પુરુષાર્થને માટે ક્યાંય કશો અવસર રહે છે ? "

માર્ક્સે જવાબ આપ્યો : "હા, પુરુષાર્થને માટે અવસર છે, એટલું જ નહીં હવે તો સામાન્ય માનવીના પુરુષાર્થથી જ ક્રાંતિ થશે."

## પ્રતીકો અને કાર્યપદ્ધતિ જીવનસંદેશની તુલનામાં ગૌણ છે

માર્ક્સે આપણને અહીં સુધી આણીને મૂક્યા. તેથી તો મેં કહ્યું કે આ યુગની વિભૂતિઓમાં, આજની તમારી 'પંચાયતન પૂજા'માં તમે જો માર્ક્સને પણ સ્થાન આપી દેશો તો એ સમયજ્ઞતા હશે—સમય સૂચકતા હશે. હું કોઈ તકવાદની હિમાયત નથી કરતો. તમે સમો પારખો છો, યુગની આકાંક્ષાઓને જાણો છો.

હિંસા-અહિંસા એ માર્ક્સના તત્ત્વજ્ઞાનનાં, એના દર્શનનાં અને એની કાર્યપદ્ધતિનાં અનિવાર્ય અંગ નથી. એનું તો એવું છે કે કેટલાક સ્થૂળ આચારાત્મક કાર્યક્રમ હોય છે. ગાંધીએ ચરખાનું પ્રતીક આપ્યું. એણે દાતરડું ને હથોડાનું પ્રતીક આપ્યું. એને ત્યાં ચરખો નહોતો એટલે એણે ઉપાડીને દાતરડું ને હથોડો ધરી દીધો. બીજો કોઈ વળી જો બીજે ક્યાંક પાક્યો હોત, જેમ કે કોઈ માછીમારોનો નેતા પાક્યો હોત, તો એ માછલાં પકડવાની જાળને પ્રતીક બનાવી દેત. આવાં કેટલાંક સ્થૂળ પ્રતીક હોય છે, તેમ આચારાત્મક કાર્યક્રમો પણ હોય છે. એ જે તે પરિસ્થિતિના પ્રત્યાઘાત સ્વરૂપે—એના જવાબરૂપે—હોય છે. એવાં ચિહ્નો અને કાર્યક્રમો એ કાંઈ એ મહાપુરુષોના ઉપદેશનાં અનિવાર્ય અંગ નથી હોતાં.

## માનવીય મૂલ્યો અને વૈજ્ઞાનિક ક્રાંતિના સમન્વયમાંથી માનવીય ક્રાંતિનો સર્જનહાર ગાંધી

માર્ક્સે આપણને અહીં સુધી પહોંચાડ્યા. હવે સવાલ એ પેદા થાય છે કે આ અદ્વૈતની પ્રેરણા, આ સમન્વયની પ્રક્રિયા અને આ વ્યાપક કરુણાનું દર્શન, એ શું ક્રાંતિનાં સાધન બની શકે તેમ છે? એ શું મનુષ્યનાં કલ્યાણનાં સાધનો થઈ શકે તેમ છે?

એક મુકામ સુધી બુદ્ધ આપણને પહોંચાડી ગયા. પછી આપણે શીખી લીધું કે આ બધાં વ્યક્તિગત મુક્તિનાં સાધનો બની શકે તેમ છે. શંકરાચાર્ય આપણને એટલે સુધી પહોંચાડી ગયા.

પણ વ્યક્તિગત મુક્તિનાં સાધન જુદાં, સામાજિક કલ્યાણનાં સાધન જુદાં અને ક્રાંતિનાં સાધન જુદાં—આવું અંતર માર્ક્સના જમાનામાં રહી ગયું અને માર્ક્સના પહેલાં પણ રહી ગયું. તેથી તો સિપાઈનો અને ક્ષત્રિયોનો ધર્મ અલગ મનાયો. "**मिथ्यैव व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति**"—ગીતામાં કહે છે ને કે "તારો આ આગ્રહ વ્યર્થ છે. અર્જુન, તું ક્ષત્રિય પ્રકૃતિનો છે. એ પ્રકૃતિ જ યુદ્ધની છે. એ તને દોરવે છે." આવું એને કહી દીધું.

—માએ કહેલું સોનીને: "હું જાણું છું તું મારે માટે કડું ઘડે છે, સગી માને માટે ઘડે છે. પણ તેમાંયે તું વાલ સોનું તો ચોરવાનો જ, કારણ કે એવી તને આદત પડી ગઈ છે."

અમને આ સોની અને એની માનો કિસ્સો નિશાળમાં શીખવતા.

અમે મુંબઈમાં ધોબીને ત્યાં ગયા. ત્યાં સાંભળવા મળ્યું કે ધોબી કદી કપડાં વસાવતો જ નથી! રોજ નવાં નવાં હાથમાં આવે, પછી પોતાનાં કપડાં શા માટે કરાવવાં પડે?

આમ એમણે એક એકની વાત આપણને સમજાવી છે. સાર એક જ છે: '**प्रकृतिस्त्वां नियोक्ष्यति** ।

સિપાઈની એક પ્રકૃતિ, સોદાગરની બીજી પ્રકૃતિ, અધ્યયનશીલ બ્રાહ્મણની ત્રીજી પ્રકૃતિ! નાગરિકની પ્રકૃતિ જુદી, સિપાઈની જુદી અને વળી સાધુ-સંત અને સંન્યાસીઓની તો નિરાળી જ! આ લોકોની પ્રકૃતિઓ નિરાળી, એમનાં સાધનો નોખાં, સાધના નોખી.

આ અંતર માર્ક્સના જમાના સુધી રહી ગયું. તેથી મેં ખૂબ જ નમ્રતાપૂર્વક નિવેદન કર્યું હતું કે માર્ક્સનું દર્શન ક્રાંતિકારી હતું, એનું

નિદાન ક્રાંતિકારી હતું, એનું વિજ્ઞાન ક્રાંતિકારી હતું; પણ એનાં સાધન પરંપરાગત જ રહી ગયેલાં.

## ગાંધીની વિશેષતાઃ વ્યક્તિગત ગુણોને સામાજિક મૂલ્યોમાં પલટી નાંખીને, ક્રાંતિની માનવીય પ્રક્રિયા યોજી

શું વ્યાપક કરુણા અને અદ્વૈતનું દર્શન ક્રાંતિનાં સાધન બની શકે? એવો સદાચાર કે જેની મૂર્તિ બની ગયેલા માનવી માટે એ બીજી પ્રકૃતિ સમાન જ બની ગયો હોય, એવો સદાચાર શું ક્રાંતિનું સાધન બની શકે?

અહીં ગાંધી આવ્યો એણે કહ્યું કે આ વ્યક્તિગત સાધનાઓને સામાજિક મૂલ્યોમાં પરિણત કરી નાંખો.

વ્યક્તિગત ગુણ અને વ્યક્તિગત પ્રતિભા જ્યારે સામાજિક મૂલ્યોમાં પરિણત થઈ જાય છે, ત્યારે એ ક્રાતિનાં સાધન બની જાય છે. અને તે માટે વ્યક્તિગત ગુણોએ સામુદાયિક આચરણ બની જવું જોઈએ.

અને તે કાળે દશા કેવી હતી? સમુદાયની—સંસ્થાની નીતિ અલગ અને વ્યક્તિની નીતિ અલગ. પાર્નેલ અને લોકમાન્ય તિલક વ્યક્તિગત જીવનમાં કેટલા બધા સદાચારી હતા? શુદ્ધ સ્ફટિક જેવા નિર્મળ. પણ બંનેને જ્યારે તે કાળના બે માર્ગો વિષે કાંઈ કહેવું હોય, ત્યારે કહેતા કે રાજનીતિ અને રાષ્ટ્રનીતિ અલગ છે અને કુટુંબનીતિ અલગ છે.

—દાદા ધર્માધિકારીને પૈસાની પડી નથી. એ બજારમાં ગયો.

"કેળાં કેમ આપ્યાં?"

"બાર આને ડઝન."

"એમ કે? છ આનાનાં આપી દો."

પ્રબોધ કહે છે, "અરે, તમે તો ભાવ-તાલ પણ ન કર્યો?"

"એમા શું? એકાદ પૈસો આમતેમ થાત આપી દે!"

સ્ટેશને પહોંચ્યા, મજૂરને માથે બે મણ સામાન ખડક્યો. મજૂરી ચૂકવવાની આવી.

પૂછે છે, " કેટલા પૈસા થયા ? "

" સાહેબ, આપ જે આપો તે રાજીખુશીથી. "

" બે મણુ સામાનના છ આના થયા. ત્યાં તારી છાતી પર જ છાપેલું છે ને ! "

પેલો કહે છે, " સાહેબ, બે મણનો બોજો ઊંચક્યો. હૂંસ થઈ ગયો. તમે સગી આંખે જોયું છે ને ! "

હું કહું છું, " હા, મેં જોયું ને ! અને આ છાતી પર ચીતરેલું છે તેય જોયું. બંને જોઇને પછી જ છ આના આપું છું. "

પ્રબોધ કહે છે, " અરે, અમારી પાસેથી તો બે આના ઓછા લેવાય. ચાર જ આના લે. "

" કેમ ? સાહેબ "

" અમે તો ભૂદાનના કાર્યકર્તા છીએ ! આ ભૂદાનનું કામ છે. તારું પણ થોડુંક સંપત્તિદાન એમાં થઈ જશે. "

યાને વ્યક્તિગત જીવનમાં જેટલી ઉદારતા તેટલી જ સંસ્થાગત જીવનમાં અનુદારતા. વ્યક્તિગત જીવનમાં જેણે વ્યાજ કદી લીધું જ ન હોય, એવા લોકો સંસ્થાના પૈસાનું વ્યાજ પઠાણ કરતાં પણ, મખ્ખીચૂસ શાયલોક કરતાં પણ, વધારે ચિકાશથી લે છે.

સંસ્થાની નીતિ જુદી, સાર્વજનિક નીતિ જુદી અને વ્યક્તિગત નીતિ જુદી—એ ગાંધીના પહેલાંની સામાજિક સ્થિતિ હતી. તેથી એ નૈતિકતા સામાજિક મૂલ્ય બની શકી નહીં. ગાંધીએ આ તમામ નૈતિક ગુણોને સામાજિક વ્રતોમાં પલટી નાંખ્યા. વ્રતોના આધારે ગુણોનો વિકાસ એ ગાંધીની પ્રક્રિયા હતી. એણે વ્રતો માટે પાયો લીધો સત્ય-અહિંસાનો.

### ક્રાંતિનો નવીન વિકાસ : નૈતિક મૂલ્યોનું સહઅનુષ્ઠાન સમાજનું અભાન પરાયત્ત પરિવર્તન નહીં, પણ સભાન સ્વાયત્ત આરોહણ દ્વારા પૂર્ણ વૈજ્ઞાનિક માનવીય લોકક્રાંતિ

મહાવીરની અહિંસા, બુદ્ધની અહિંસા, ઈસુની અહિંસા, આ બધાની અહિંસા ને ગાંધીની અહિંસા વચ્ચે મોટો તફાવત છે. નાગરિકપણાનો સંત, સંન્યાસી, યોગી અને સિપાઈ એમાંથી કોઈની પણ અહિંસામાં ફેર નથી. આ રીતે જ્યારે અહિંસા સાર્વત્રિક બને છે, સામાજિક મૂલ્ય બની જાય છે, ત્યારે તમામ સ્તરના લોકો હળીમળીને એક સાથે ઊંચે ચઢે છે. કેટલાક માણસ મુક્ત થઈ ગયા, સંત થઈ ગયા, આદર્શ પુરુષ થઈ ગયા અને એમની પાછળ ચાલીશું તો આપણો ઉદ્ધાર થશે, એને બદલે આ પદ્ધતિમાં વ્રતોનું સહઅનુષ્ઠાન હોય છે. સહકારમાં કેવળ સાથે મળીને ઉત્પાદન કરવું, સહઉત્પાદન કરવું, એટલું જ નથી આવતું; સહવિતરણ જ માત્ર એમાં નથી આવતું. બલ્કે વ્રતોના સહઅનુષ્ઠાનનો પણ એમાં જ સમાવેશ થાય છે. વ્રતોનું સહઅનુષ્ઠાન થાય છે ત્યારે સહુ સાથે મળીને ઉપર ચડે છે. વિનોબા કહે છે તેમ આંદોલન આરોહણમાં પરિણત થઈ જાય છે.

હવે આંદોલન આરોહણ કેમ બની ગયું ? તો મેં એક ઉદાહરણ આપ્યું હતું તે ફરી તાજું કરું.

—શેરપા તેનસિંગ હિલેરીને ઊંચે ખેંચે છે અને હિલેરી શેરપા તેનસિંગને ખેંચે છે. અને એમ એકમેકને ઉપર ચડાવતાં બંને શિખર પર પહોંચી જાય છે. જો બંને પહેલાં પહોંચવાનો પ્રયત્ન કરત તો બંને હેઠા પડત. એ બંનેનો પ્રયત્ન એકમેકને પાડત, ઊંચે ચડાવત નહીં. તે વખતે એમના મનમાં ખ્યાલ સુધ્ધાં નહોતો કે કોણ પહેલું ચડે. સંયોગવશ એક પહેલો પહોંચ્યો. 'કોણ પહેલો ચઢ્યો ?' એ ઝઘડો તો પાછળથી શરૂ થયો, એ લોકો નીચે આવ્યા પછી, આપણી ભૂમિકા પર આવી ગયા તે પછી. પણ ઉપર હશે ત્યારે વિચાર પણ આવ્યો હશે એમને ? એવો વિચાર કરવાનો અવકાશ પણ મળ્યો હશે ? કોઈ વિચારે પણ ખરું ?

## સમાજધર્મનાં અક્ષય મૂલ્ય : દ્વૈતમૂલક સ્પર્ધાને સ્થાને અદ્વૈતમૂલક સમભાવ

આરોહણની પ્રક્રિયામાં જેટલાં નૈતિક મૂલ્ય હોય છે, એ બધાંનું સહઅનુષ્ઠાન થાય છે, સહઅનુષ્ઠાનમાં સ્પર્ધાને માટે ક્યાંય સ્થાન જ નથી હોતું, સ્પર્ધા અને પ્રતિયોગિતા જ્યારે એમાંથી સદંતર નીકળી જાય છે, ત્યારે સહઅનુષ્ઠાનમાં કરુણા આવી જ ગઈ સમજવી. જ્યાં પ્રતિયોગિતા નથી, હરીફાઈ નથી, ખેંચતાણ નથી, ત્યાં પછી it is neither capitalistic competition nor socialistic emulation —મૂડીવાદી સ્પર્ધા નથી, તેમ જ સમાજવાદી પરિસ્પર્ધા પણ નથી. પરિસ્પર્ધાથી પણ આગળની ચીજ ત્યાં આવી જાય છે—સમભાવના, બધાને માટે સહૃભાવ, સમભાવ ત્યાં બધા એકએકને ચડાવનારા છે—પરસ્પરસ્કંધાવરોહણ ! હું તમારે ખભે ચડું છું, તમે મારે ખભે ચડો છો. આવું પરસ્પરાવલંબન થવાથી કોઈ જાતનું અભિમાન રહેતું નથી, વ્યાપક કરુણા સામ્યયોગમાં પરિણત થઈ જાય છે. આપણે સામ્યયોગ શબ્દ વાપર્યો, વિનોબા આજકાલ સામૂહિક ધર્મ શબ્દ વાપરે છે. કહે છે કે ધર્મ તો સામૂહિક જ હોઈ શકે. સામૂહિકનો અર્થ શો ? જેનું સહઅનુષ્ઠાન થઈ શકે છે તે જ ધર્મ છે.

## ક્રોધમૂલક ન્યાયને સ્થાને પ્રેમમૂલક ક્ષમા

ગાંધીએ આ વસ્તુને પારખી લીધી, એની ઝીણી આંખ એને વરતી ગઈ. તેથી તો એણે કહ્યું કે રાજનીતિમાં અને નાગરિક નીતિમાં ન્યાય ક્ષમાનું રૂપ ધારણ કરીને આવશે. સમાજનીતિમાં ન્યાયનું ક્ષમાસ્વરૂપ હશે. કેમ ? તો કે' વ્યક્તિગત જીવનમાં આકાંક્ષા ક્ષમાની છે.

મારો પગ તમને અડી ગયો. હું તરત ' સૉરી ' કહું છું, " માફ કરજો, ભૂલ થઈ ગઈ. " પોતાની ભૂલ થતાં જ જીભેથી પહેલી વાત નીકળે છે, " ક્ષમા કરજો. "

અપરાધ થઈ ગયો. ભગવાનને ચરણે પહેલી પ્રાર્થના શી થાય છે? અપરાધી કાકલૂદી કરે છે: "ભગવાન ક્ષમા કરો.अबकी बेर मोहे पार उतारो।"

પોતાને માટે ક્ષમાની યાચના કરું છું, તો સમત્વ તકાદો કરે છે કે તારે બીજાને એ ક્ષમા આપવી પડશે.

આ જ છે વ્યાપક ક્ષમાની ભાવના, જેને સામાજિક ન્યાય કહે છે. ક્ષમા જ્યારે વ્યાપક બની જાય છે, ત્યારે એ સામાજિક બની જાય છે. કરુણા, ક્ષમા,— શબ્દ મન ફાવે તે વાપરો.

ગાંધી એ કાંઈ શાસ્ત્રી નહોતો. શાસ્ત્રી નહોતા તેથી એના બધા શબ્દો સો ટકા એના પોતાના જ રહેતા. જેને તમે મૌલિક કહો છો, તેવા મૌલિક શબ્દો એ બનાવ્યે જતો. એ બાપડો તૈયાર શબ્દો તો લાવે જ ક્યાંથી? બીજાના શબ્દો તો એને આવડતા નહોતા, તેથી કદીક ક્ષમા, કદીક દયા, કદીક અહિંસા તો કદીક વળી કહી નાંખતો : પ્રેમ.

પેલું સત્યનારાયણની કથામાં કહ્યું છે ને કે કોઈ સત્યવિનાયક કહે છે તો કોઈ સત્યનારાયણ કહે છે. ભગવાનના તો સહસ્ર નામ હોય છે. એ જ રીતે ગાંધી સદ્ગુણોની વિભૂતિઓનું વર્ણન અને કીર્તન સહસ્રનામથી કર્યા કરતો, જ્યારે જે નામ મોંએ ચડયું તે સાચું.

કરુણા દયા અને ક્ષમાને રૂપે આવે છે. ગાંધીએ આ એક વાત આપણી સમક્ષ સામાજિક દર્શનને ક્ષેત્રે રજૂ કરી.

### અહંમૂલક અધિકારને સ્થાને પરમૂલક કર્તવ્ય

અને જે બીજી વાત એણે મૂકી તે એ જ જેને હમણાં આપણે સામુદાયિક યા સામાજિક ધર્મ કહ્યો ને વિનોબા જેને પુરાણી પરિભાષામાં ધર્મચક્ર-પ્રવર્તન કહે છે. તે વાત હું કરું છું. ગાંધીએ તે વખતના ભણેલાગણેલા કહેવાતા અને અન્ય મામૂલી માણસોની ભાષામાં કહ્યું કે આને હું નાગરિક ચારિત્ર્ય કહું છું.

સમાજનીતિમાં નાગરિક ચારિત્ર્યનો સિદ્ધાંત શો હશે? બીજાના અધિકારનો વિચાર અને મારા કર્તવ્યનો વિચાર બીજાનો અધિકાર

મારું કર્તવ્ય બનીને આવશે, તેથી હું વિચાર કર્તવ્ય વિશે કરીશ, અધિકાર વિશે નહીં

આ રીતે ગાંધીએ આજનો જે સામુદાયિક ધર્મ છે, સમાજધર્મ છે, તેને પ્રાચીનકાળના સર્વ સિદ્ધાંતો સાથે સાંકળી દીધો. નૈતિક મૂલ્યોને ક્રાંતિકારી બનાવવાનું અદ્ભુત પરાક્રમ અને રોમહર્ષણ પુરુષાર્થ જો દુનિયામાં કોઈએ કરી જોયો તો તે ગાંધીએ કરી જોયો. એના પહેલાં આવી વસ્તુ થઈ નહોતી.

### આ વિભૂતિ–ચતુષ્ટયનું સંકીર્તન આપણામાં સત્આવની ક્રાંતિનું સામર્થ્ય સીંચે

તેથી આજે આપ લોકોની સમક્ષ મેં આ વિભૂતિ–ચતુષ્ટયનું સંકીર્તન કર્યું છે.

होईन पवित्र चरित्र उच्चारें
रुपाचे आधारें गोजीरिया

તુકારામનો અભંગ છે. " હે પાંડુરંગા, તારા ચારિત્ર્યના ઉચ્ચારથી અને તારા સુંદર સ્વરૂપના આધારથી પવિત્ર થઈ જઈશ. "

આ આપણું કોઈ મંદિર, મસ્જિદ અને ગુરુદ્વારાનું માળા-પૂજા કે ધૂપદીપવાળું સંકીર્તન નથી. આ કેવળ સંસ્મરણોનું સંકીર્તન નથી, જપમાળ નથી. ક્રાંતિની પ્રક્રિયામાં મારે-તમારે સહુએ હિસ્સો લેવાનો છે. એવી ઘડીએ આ વિભૂતિઓના સંસ્મરણથી કંઈક પ્રેરણા આપણને મળે તેમ છે, આપણા હૈયામાં સ્ફૂર્તિ આવે તેમ છે, અહંકાર ઘટી ને ઉત્સાહ વધે તેમ છે.

मुक्तसंगोऽनहंवादी धृत्युत्साहसमन्वित:

ગીતાએ ગાયેલા સાત્ત્વિક કર્તાના આ ગુણો મારા-તમારા સહુનાં હૃદયમાં પ્રસ્ફુટિત થઈ શકે તેમ છે, પ્રકાશિત થઈ શકે તેમ છે, તે માટે એ જેમનામાં થયા છે તેનું કિંચિત્ સંકીર્તન મેં આપ સહુની સમક્ષ કર્યું.

# કરુણા–વૈરાગ્ય–વિજ્ઞાન–કર્મ

[ વિનોબા ]

શંકરાચાર્યજીના જન્મસ્થાન કાલડી (કેરલ) માં તા. ૮ મી મે
૧૯૫૭ ને દિવસે અપાયેલા પ્રવચનમાંથી

શંકરાચાર્યનો વૈરાગ્ય એટલો બધો અસાધારણ હતો કે નજર સામેની આવડી વિશાળ સૃષ્ટિને તેઓ મિથ્યા માનતા હતા, અને એટલા વૈરાગ્યની સાથે અનુરાગ પણ કેટલો હતો ? જગતને મિથ્યા માનનારો કદાપિ કોઈ દેશનો સેવક બની શકતો નથી. પણ એ ભારતના મહાન સેવક હતા. ભારતની સેવા માટે એ આખા દેશમાં ઘૂમતા રહ્યા. સમાજમાં જે જડતા હતી, જે બૂરાઈ હતી તેનો તેમણે સખત વિરોધ કર્યો અને તેને માટે એમને સહન પણ કરવું પડયું.

## શંકરની પ્રતિભા : બે ધ્રુવનું મિલન

આજ તો એમના નામનો આપણે મહિમા ગાઈએ છીએ. પરંતુ એ જ્યારે હતા ત્યારે તેની તરફ આપણું વર્તન કેવું હતું ? ઘણા લોક એ જાણતા પણ નહીં હોય, પણ કેરલના લોકો તો જાણે છે. સમાજે એમનો બહિષ્કાર કર્યો હતો. સંન્યાસ લીધા પછી પણ એ એમની માતાનાં દર્શન કરવા આવ્યા હતા અને માતાની સેવા કરી હતી. એમણે એમની માતાના અંતકાળ વખતે માતાને દર્શન કરાવવા માટે શ્રીકૃષ્ણનું સ્તોત્ર રચ્યું. તે અનુસાર માતાને શ્રીહરિનું દર્શન થયું. તે પછી તેમનું મૃત્યુ થયું. એ એમના ઘરમાં એકલા હતા. માતાના શબને અગ્નિદાહ કરવામાં મદદ કરવાની એમના જ્ઞાતિવાળાઓએ ના પાડી. પરજ્ઞાતિવાળાઓ તો આવવાના જ ન હતા. તે વખતનો જાતિભેદ સાધારણ ન હતો, ત્યારે શંકરાચાર્યે શું કર્યું ? તલવારથી માતાના મૃતદેહના ત્રણ ટુકડા કર્યા અને એક એક ટુકડો દૂર

લઈ જઈને તેને અગ્નિદાહ કર્યો. આજે આપણે તેમનાં ગુણગાન કરીએ છીએ અને તેમના આ કાર્યના સ્મારકરૂપે મૃત દેહ પર અહીંના નંબૂદ્રી બ્રાહ્મણો અગ્નિદાહ કરતાં પહેલાં ત્રણ રેખાઓ કરે છે. તે વખતનો સમાજ તેમના તરફ એટલો કઠોર થયો હતો છતાં એમણે તેનો કોઈ દ્વેષ કર્યો નહીં, એટલું જ નહીં કોઈપણ ગ્રંથમાં એ સંબંધે કશો ઉલ્લેખ પણ ન કર્યો.

## તીવ્રતમ વૈરાગ્ય : સૌમ્યતમ કરુણા

એ તો આ જગત્‌ને મિથ્યા–તુચ્છ સમજતા હતા. એનો સ્વભાવ એ પારખી ગયા હતા. ઉપરના બાહ્ય રક્ષણમાં એ માનતા ન હતા. એમની પ્રતિભા અસાધારણ હતી. બુદ્ધ ભગવાન પછી એટલા પ્રતિભાશાળી પુરુષ બીજા કોઈ થયા નથી. એમના વિચારોમાં મને એટલી બધી શ્રદ્ધા છે કે મને પણ આ જગત્ સત્ય લાગતું નથી. છતાં હું કર્મ કરું છું એ પણ કર્મ કરતા હતા. कर्मसंन्यास નો વિચાર એમણે લોક સમક્ષ મૂકયો. છતાં સમાધિસ્થ થતાં સુધી નિરંતર એમણે કર્મ કર્યું. એમની કર્મની વ્યાખ્યા સ્થૂલ ન હતી. કોઈપણ કર્મનો અહંકાર મનમાં થવો ન જોઈએ એને એ સંન્યાસ માનતા હતા. તે નિરંતર કર્મ કરનારા સંન્યાસી હતા.

## ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય

એમણે હિંદુ ધર્મને મોટી જડતામાંથી બચાવી લીધો. જો શંકરાચાર્ય ન હોત તો જેમ પશ્ચિમમાં વિજ્ઞાનની સામે ખ્રિસ્તી ધર્મને વિરોધ થયો તેમ અહીં પણ થાત. યુરોપમાં ચર્ચે–ધર્મસંસ્થાએ વિજ્ઞાનની સામે કેટલો પ્રચંડ વિરોધ ઉઠાવ્યો તે જાણીતું છે. પરંતુ શંકરાચાર્યે સ્પષ્ટ કહી દીધું કે ધર્મ વિજ્ઞાનનો કોઈ રીતે વિરોધ કરી શકે નહીં. વિજ્ઞાનનો વિષય જુદો છે અને ધર્મનો વિષય જુદો છે. વિજ્ઞાનનો વિષય છે : સૃષ્ટિજ્ઞાન અને ધર્મનો વિષય છે : આત્મજ્ઞાન. બન્નેના વિષયો જુદા જુદા છે. તે એકમેકના પૂરક છે, વિરોધી નથી. ઊલટું એમણે તો એવું અદ્‌ભુત લખ્યું છે કે " नहि श्रुतिशतं अपि अग्निः अनुष्णः इति ब्रुवत् प्रामाण्यं

उपैति ।" સેંકડો શ્રુતિવચન અગ્નિ ઠંડો છે એમ કહે તો પણ તે પ્રમાણભૂત થઈ શકતું નથી. કોઈ પણ Rationalist–યુક્તિવાદી એક વાક્ય લખી શકે તેવું આ વાક્ય છે. કયો યુક્તિવાદી એનાથી વધારે સુયુક્ત કંઈ કહી શકે ? તે છતાં પણ તે ઘણા નમ્ર હતા અને શ્રુતિને તેઓ તેમનાં માત–પિતા સમાન માનતા હતા. શ્રુતિમાં એમની એટલી બધી શ્રદ્ધા હતી કે શ્રુતિની એકવાક્યતા માટે એમણે અત્યંત મહેનત ઉઠાવી જે એમના ગ્રંથોમાં જણાઈ આવે છે. એમનાં બધાં ભાષ્યો શ્રુતિવચનોની એકવાક્યતા પ્રગટ કરે છે. શ્રુતિમાં આટલી અસાધારણ નિષ્ઠા હોવા છતાં શ્રુતિવચન વિજ્ઞાનની વિરુદ્ધ કંઈ કહે તો તે પ્રમાણભૂત ન માનવું એવું એમણે લખી દીધું. એના પરિણામે હિંદુધર્મ જડતામાંથી મુક્ત થયો અને ધર્મશ્રદ્ધા બુદ્ધિયુક્ત બની.

### શાંકર-વિચારનો પ્રભાવ અને વ્યાપકતા

હું એમ માનું છું કે હિંદુધર્મ અને હિંદુસ્તાન ઉપર એમનો મોટો ઉપકાર થયો છે. એમના અનેક શિષ્યોએ હિંદુસ્તાનને ઊંચે આણ્યું. ત્યાં બંગાળમાં રામકૃષ્ણ પરમહંસ થઈ ગયા તે શાંકર-વિચારના અનુયાયી હતા. અહીં રમણમહર્ષિ થઈ ગયા તેમની બધી સાધના શાંકર–વિચારના આધારે થઈ છે. આ કેરલ પ્રદેશમાં નારાયણગુરુ થઈ ગયા તે તમામે તમામની વિચારસરણી શાંકર-વિચાર પ્રમાણેની છે. ત્યાં મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વર મહારાજ થઈ ગયા, જે ત્યાંના જ્ઞાનીઓના ગુરુ મનાય છે. તેમના બધા વિચાર શાંકર-વિચાર અનુસાર છે. એ પ્રમાણે આખા હિંદુસ્તાનમાં એમના વિચારનો પ્રચાર થયો છે.

### ભૂદાનયજ્ઞને શંકરનો આશીર્વાદ

એમણે ભૂદાનયજ્ઞને તો એક મોટો આશીર્વાદ આપ્યો છે. ઈશાવાસ્યમાં એક મંત્ર છે : मा गृधः कस्य स्विद् धनम् । એનો અર્થ શો થાય ? એનો તદ્દન સરળ અર્થ એ છે કે પારકાના ધનની વાસના તું ન રાખ. પરંતુ

શંકરાચાર્યે એનો ઘણો અદ્ભુત અર્થ કર્યો ! मा गृधः कस्य स्विद् धनम् । कस्य ? परस्य स्वस्य वा । બીજાના ધનની વાસના તો ન જ રાખ પણ પોતાના ધનની વાસના પણ ન રાખ. આ ધન 'મારું છે અને પેલું ધન પારકું છે; હું આનો અને તે તેનો માલિક છે' એ ખ્યાલ ગલત છે. બધું ધન પરમેશ્વરનું છે અને તે બધું સમાજની સેવામાં વાપરવું જોઈએ—આ આપણા બધાનું છે. આ નથી મારું કે નથી કોઈ બીજાનું. માટે એમણે અર્થ કર્યો કે પોતાના કે બીજાના કોઈના પણ ધનની વાસના કરો નહીં.

## શંકર અને કાર્લ માર્ક્સ

મેં આ જે ભૂદાનયજ્ઞ આરંભ્યો છે તેમાં આધુનિક અર્થશાસ્ત્રીઓ વાંધો લે છે કે તમે આ દાનની શી વાત કરો છો ? શું તમે લોક ઉપર ઉપકાર કરવા ઇચ્છો છો ? શું જમીન ઉપર કોઈની માલિકી છે ? જો માલિકી નહીં હોય તો દાન શબ્દનો પ્રયોગ શા માટે કરો છો ? એ પ્રમાણે એ લોકો આક્ષેપ કરે છે. એના જવાબમાં મેં શંકરાચાર્યને વકીલ કર્યા છે અને એમણે મારો કેસ કોર્ટમાં સારી રીતે સાબીત કર્યો છે ! દાન સંબંધી શંકરાચાર્યની વ્યાખ્યા છે કે दानं संविभागः । દાન એટલે સરખો ભાગ. બધા લોકમાં સરખે હિસ્સે વહેંચવાના કાર્યને દાન કહેવામાં આવે છે. એટલે આધુનિક અર્થશાસ્ત્રીઓ–Equal distribution of wealth–સંપત્તિની સમાન વહેંચણીની જે વાત કરે છે તે જ અર્થ આ વ્યાખ્યામાં છે. બિલકુલ કાર્લ માર્ક્સની વ્યાખ્યા !

આ જ પ્રતિભાનું લક્ષણ છે. તે જમાનામાં ભૂમિની તો કોઈ સમસ્યા ન હતી. પરંતુ એમની પ્રતિભા એ કહેતી હતી કે ધનની માલિકી શા માટે કરવી ? કારણ કે એ તો ઈશ્વરભક્તિની વિરુદ્ધ વાત થઈ. ઈશ્વર એટલે માલિક. જો હું માલિક બની જાઉં તો ઈશ્વરનું પદ હું લઈ લઉં. એ તો નાસ્તિકતા કહેવાય. એટલા માટે માલિકીની ભાવના

ઈશ્વરભક્તિની વિરુદ્ધ છે તે શંકરાચાર્યે સમજી લીધું. મને મોટું આશ્ચર્ય થાય છે કે મોટા મોટા ધનપતિઓ મંદિરોમાં પૂજા કરે છે, થોડો દાનધર્મ પણ કરે છે અને પોતાને મોટા ભક્ત માને છે. કંઇક થોડું દાન દીધું એટલે ઈશ્વરના ભક્ત થઈ ગયા ! જ્યાં સુધી તમે માલિકી-ભાવના છોડો નહીં ત્યાં સુધી તમે ભક્ત બની શકો નહીં. આ બધું ઈશ્વરનું છે. જેમ હવા, પાણી ઈશ્વરની બનાવેલી વસ્તુઓ છે, તેમ ભૂમિ પણ ઈશ્વરની બનાવેલી છે. એના ઉપર કોઈની પણ માલિકી નથી. આ છે ભક્તિનો મૂળ વિચાર. હું એમ નથી કહેવા ઇચ્છતો કે આજે જેઓ માલિક બની બેઠા છે તેઓ જે કંઈ થોડી શ્રદ્ધા-ભક્તિ રાખે છે તે ઢોંગ છે. હું એમ કહેવા માગું છું કે તેઓ ભક્તિનું રહસ્ય બરાબર સમજ્યા નથી. એ મારો પોતાનો મત નથી. પણ એ હું શંકરાચાર્યના મત પ્રમાણે કહું છું

## વેદાંત અને અહિંસાનો સમન્વય

ત્રણ સાલ પહેલાં બોધગયામાં સંમેલન થયું હતું. ત્યાં સમન્વયની વાત કરતાં મેં કહ્યું હતું કે જ્યારે વેદાંત અને અહિંસાનો સમન્વય થશે ત્યારે હિંદુસ્તાનનો ઉદ્ધાર થશે. અને બુદ્ધ ભગવાનના નામથી મેં ત્યાં ભૂદાનનો પ્રચાર કર્યો. ત્રણ વર્ષ પછી આજે હું કાલડી આવ્યો છું. આ વેદાંતનું ઉદ્ભવસ્થાન છે. બોધગયા અહિંસાનું ઉદ્ભવ-સ્થાન છે. ત્યાં કરુણાનું દર્શન થયું. અહીં અદ્વૈતનો સાક્ષાત્કાર થયો.

## કરુણાની ભૂમિકા : અદ્વૈત

કરુણાની ભૂમિકા કઇ છે ? ઈશુ ખ્રિસ્તે કહ્યું કે જેટલો પ્રેમ તમે તમારી જાત માટે રાખો છો તેટલો પ્રેમ તમે તમારા પાડોશી માટે રાખો. આ નાનીસૂની વાત નથી. પાડોશી પર પ્રેમ રાખવો એ તો આપણે સમજીએ છીએ. પણ જેટલો પ્રેમ પોતાની જાત માટે રાખો છો તેટલો પ્રેમ પાડોશી માટે રાખવો એવું જ્યારે ઈશુ ખ્રિસ્ત આપણને કહે છે ત્યારે

એ ઘણી મોટી વાત છે. "Love thy neighbour as thyself." એવું વાક્ય છે. કોઈ પણ મનમાં સવાલ કરશે કે એવા પ્રેમની અપેક્ષા શા માટે રાખવામાં આવે છે. તેનો જવાબ વેદાંત આપે છે કે આ મારું-તારું એ ભેદ તો ઉપર ઉપરનો—વ્યાવહારિક છે. આત્મામાં કોઈ ભેદ નથી. એ પ્રમાણે વેદાંત અને કરુણાનો સમન્વય થાય છે.

હિંદુસ્તાનમાં વેદાંત અને અહિંસાનો સમન્વય થવો જોઈએ એ ઈશ્વરી સંકેત છે. તેથી તે આપણને કાલડીમાં ખેંચી લાવ્યો છે. ત્રણ વર્ષમાં આપણે બારસો વર્ષનું કામ કરી લીધું. બુદ્ધ અને શંકરાચાર્ય વચ્ચે બારસો વર્ષનું અંતર છે અને બોધગયા અને કાલડી સંમેલન વચ્ચે ત્રણ વર્ષનું અંતર છે. એટલે ત્રણ વર્ષમાં બારસો વર્ષનું કામ થયું. એવા વેગથી આપણે કામ કરીશું તો આ દેશમાં તેની શીઘ્ર ફલસિદ્ધિ થશે. હું આશા રાખું છું કે આ કેરલ પ્રદેશમાં તમામ લોકને એવી પ્રેરણા થશે.

---

## गुरुबोध

(શંકરાચાર્યજીના સ્તોત્રો તથા પ્રકરણ ગ્રંથોમાંથી વિનોબાએ ચૂંટેલી પ્રસાદી—મૂળ સંસ્કૃતમાં—વિનોબાની હિંદી અથવા મરાઠી પ્રસ્તાવના સહિત) કીમત દોઢ રૂપિયો.

"...ब्रह्म सत्यं जगत् मिथ्या, जीवो ब्रह्मैव नापरः એ (શંકરના) પ્રસિદ્ધ વેદાંતડિંડિમ (ઢંઢેરા)નું મેં મારે માટે થોડુંક રૂપાંતર કરી લીધું છે.

वेद – वेदान्त – गीतानां विनुना सार उद्धृतः ।
ब्रह्म सत्यं, जगत् स्फूर्तिः जीवनं सत्यशोधनम् ॥

આનાથી વેદાન્તનો ધ્વનિ બદલાય છે એવું મને નથી લાગતું, બલ્કે એનાથી વેદાન્તનો વિજ્ઞાનયુગ સાથે સરસ મેળ બેસી જાય છે..."

— વિનોબા (ગુરુબોધની પ્રસ્તાવનામાં)

# ચિરંજીવી ક્રાંતિનાં તત્ત્વો
# વિદ્યા–વ્રત–સર્વસેવા

**[ વિનોબા ]**

કાલડી (કેરલ) માં તા. ૧૩ મી મે ૧૯૫૭ ને દિવસે અપાયેલા પ્રવચનમાંથી

સત્તાવનને વર્ષે કેરલની ઘનઘોર વર્ષાનો આનંદ પ્રાપ્ત થશે. કાર્યકર્તાઓએ કામ પૂરું ન થાય ત્યાં સુધી જીવન એમાં જ રેડી દેવાની ગંભીર પ્રતિજ્ઞા કરી અને હું એમના પ્રેમનો અનાદર ન કરી શક્યો એટલે ચાતુર્માસ અહીં વિતાવવાનો અને ગ્રામદાનના કામમાં પૂરેપૂરો પ્રયત્ન કરી છૂટવાનો નિશ્ચય થયો છે. આ નિશ્ચય થયો ત્યારે મેં અંતર્-પરીક્ષણ કરી જોયું. આખો દિવસ એ દૃષ્ટિથી ચિંતન કર્યું કે આ આરોહણનો આધાર કઈ કઈ વાતો પર છે. મારું ધ્યાન એક ખાસ વાત પર ગયું.

### શંકરાચાર્યની પરંપરા

મેં વિચાર્યું કે શંકરાચાર્યના જ્ઞાનની પરંપરા અને તેમના મઠની પરંપરા આશરે બારસો વર્ષથી ચાલી આવી છે. આ પ્રકારની અખંડ પરંપરા હજારો વર્ષોથી ચાલી આવી છે. હમણાં કેટલાક વિશ્વવિદ્યાલયો Universities — ની શતાબ્દી ઉજવાય છે. શંકરાચાર્યના મઠને આજે બાર શતાબ્દી થઈ છે.

એ વાત સ્પષ્ટ છે કે જૂના જમાનામાં આ મઠોથી લોકોને જે પ્રેરણા મળતી હતી, તે આજે મળતી નથી. છતાં આટલો સમય થયાં તે આજે પણ કંઈ ને કંઈ કરી રહ્યા છે, અને આજે પણ એના ઉપર લોકોની શ્રદ્ધા છે. તેનું શું કારણ ? આપણે જોઈએ છીએ કે દશ વીશ વર્ષ થાય

એટલે આપણી બધી સંસ્થાઓની પ્રવૃત્તિ મંદ થઈ જાય છે. એવા તો કેટલાયે દાખલા આપણે અનુભવી રહ્યા છીએ. કેટલાયે આશ્રમો દશ વીશ વર્ષ પ્રવૃત્તિમય રહ્યા અને પછી તેમની પ્રવૃત્તિ મંદ થઈ ગઈ. મોટા મોટા સમાજો સ્થપાયા તે પણ પાંચ પચાસ વર્ષ ચાલ્યા પછી જીર્ણ થઈ ગયા એનો આપણને ઘણી વખત અનુભવ થયો છે. એનાથી આ અનુભવ જુદો છે કે સેંકડો વર્ષથી એક પરંપરા ચાલી આવી છે, અલબત્ત એની સ્ફૂર્તિ ઓછી થઈ ગઈ છે, છતાં તે ચાલી રહી છે. શંકરાચાર્યના મઠ તથા મઠના કાર્યમાં આપણે દોષ જોઈએ છીએ, અને તેની આપણે ટીકા પણ કરીએ છીએ. એ ટીકા વાજબી પણ હોય છે.* એ બધાના શેષમાં એટલું નીકળે છે કે એ સંસ્થામાં કોઈ એક એવી તાકાત છે કે જેથી તે સ્થિર અને ચિરંજીવી બની છે. તે કઈ તાકાત છે ?

## નિસ્પંદ જીવન-દર્શનની વ્યાપક ગંભીર ભૂમિકા

એક વાત સ્પષ્ટ છે કે જેમણે આ મઠોની સ્થાપના કરી છે તેમના જીવનમાં એક વિશેષ દર્શન થયું હતું. દર્શન વિના પણ સારાં સારાં કામો

---

* આવી ટીકાનો એક મનનીય નમૂનો ગાંધીજી અને મહાદેવભાઈના સંવાદમાં જોવા મળે છે :

" આજે સવારે બાપુની સાથે શંકરાચાર્ય વિષે વાત નીકળી. મેં કહ્યું : આટલા જ્ઞાની–વ્યવહારજ્ઞાની અને તીવ્ર બુદ્ધિશાળી શંકરાચાર્ય એટલું નહીં જોઈ શક્યા હોય કે આ પીઠો રચવામાં એમણે સંન્યાસીઓના માર્ગમાં ભારે વિઘ્નો મૂક્યાં, મોટા પ્રલોભનો નાખ્યાં ? "

" બાપુ કહે : સાચી વાત છે. એ ભીંત ભૂલેલા. એમને તો એ સમયે પ્રચલિત બૌદ્ધ ધર્મને ઉથાપીને બીજો નવો બૌદ્ધ ધર્મ સ્થાપવો હતો એટલે એમણે સંન્યાસીનો સંઘ ચાલુ રાખ્યો. બુદ્ધે જ્ઞાનનો છેદ ઉડાડી દીધો હતો. એમણે આરંભ કર્યો. હિંદુ ધર્મનાં મૂળતત્ત્વો અને જ્ઞાનને લઈને પાયો બરાબર કર્યો. પણ ઉપર ઈમારત એવી રચી કે છેવટે ધર્મ અને ઢોંગ એ ભળી ગયા. બ્રાહ્મણની તપશ્ચર્યાને લીધે જે કાંઈ રહ્યું તે રહ્યું છે. ( પણ ) આજના સનાતનીઓ તે કાંઈ સનાતનીઓ કે બ્રાહ્મણો છે ? " ( ' મહાદેવભાઈની ડાયરી ' ભાગ ૩ પૃ. ૨૨૫–૨૬ )

થાય છે, સેવાનાં કાર્યો પણ થાય છે. પણ તે સારાં કાર્યો અને સેવા તે તે કાળ માટેનાં જ હોય છે. પરંતુ લાંબો સમય ટકી શકે એવી તાકાત ત્યારે જ આવે છે જ્યારે તેના મૂળમાં કોઈ દર્શન હોય છે. દર્શન એટલે જેને અંગ્રેજીમાં Philosophy કહે છે તે નહીં. Philosophy તો 'વાગ્ વૈખરી–શબ્દ શરીર' છે. તેનાથી અખંડ સ્ફૂર્તિ પેદા થાય છે એવો કદી અનુભવ થયો નથી. પરંતુ જ્યારે સમગ્ર જીવનદર્શન છે, અને તેના આધાર પર કોઈ રચના થતી હોય છે, ત્યારે તે રચના કાળનો પ્રતિકાર કરે છે અને સ્થાયી બને છે. એટલા માટે હું દર્શનનો આટલો મહિમા માનું છું.

મેં ઘણીવાર કહ્યું છે અને જેમ જેમ તેના ઉપર વિચાર કર્યો છે તેમ તેમ તેને વધારે ને વધારે અનુભવયુક્ત સમર્થન મળતું જાય છે કે જે પ્રેરણા મને ઘુમાવી રહી છે તેની પાછળ એક જીવનદર્શન છે.

ભૂમિ-સમસ્યા આ દેશની એક મોટી સમસ્યા છે. તેના ઉકેલ વિના દેશ સુખી થશે નહીં. તેને માટે આપણે એક ઉપાય હાથ ધર્યો છે. પણ આટલાં જ આપણા કાર્યની ભૂમિકા અને પીઠબળ નથી. એમ જ હોત તો આ નહીં અને બીજા કોઈ પણ ઉપાયથી— येन केन प्रकारेण— ભૂમિ સમસ્યાનો ઉકેલ આણવાની ચિંતામાં હું પડી ગયો હોત. પરંતુ હું અંતરમાં દૃષ્ટિ કરું છું તો એક પરમ શાંત સમુદ્રનું મને દર્શન થાય છે. ઘૂમવાની પ્રેરણા તો નિરંતર થયા જ કરે છે, છતાં બુદ્ધિમાં કોઈ જાતની ચંચળતા જણાતી નથી. બિલકુલ નિષ્કંપ— (અહીં વિનોબાજી કેટલોક વખત મૂક રહ્યા અને પછી 'નિસ્પંદ' શબ્દનો ઉચ્ચાર કરીને બોલ્યા કે 'એનું વર્ણન કરવાને યોગ્ય શબ્દ હું શોધી રહ્યો હતો')— નિસ્પંદ બુદ્ધિ રહે છે. એવો કેમ અનુભવ થાય છે તેનો ઉત્તર એ છે કે એની પાછળ એક જીવન-વ્યાપી દર્શન છે. જેવી રીતે શંકરાચાર્યના દર્શનનું ગંભીર અધ્યયન કરવાની

પરંપરા ચાલી તેવી જ રીતે આ આંદોલનના ગંભીર અધ્યયનની પરંપરા પણ ચાલવી જોઈએ એમ હું માનું છું.

**સાધન-ચતુષ્ટય**

શંકરાચાર્યે શિષ્યોને અધ્યયનની પ્રેરણા આપી તેની સાથે તેની ખૂંટી પણ ઠોકી આપી, એટલે કે એક શરત કરી. એ કેવળ બૌદ્ધિક કીલક નહીં, પણ ચિત્તશુદ્ધિની ખૂંટી જેવી શરત હતી. 'અધિકાર ચતુષ્ટય' ઘણું પ્રસિદ્ધ છે. અધ્યયન કરનારને ચાર જાતનો અધિકાર મળેલો હોવો જોઈએ. પહેલાં તેણે કંઈક આધ્યાત્મિક સાધના કરવી જોઈએ. તેણે તેની ચિત્તશુદ્ધિ અમુક પ્રમાણમાં કરવી જોઈએ. શમ, દમ વગેરે સાધન, વૈરાગ્ય, આત્મા-અનાત્માનો વિવેક અને મુક્તિ માટેની આકાંક્ષા— મુમુક્ષુતા : આ ચાર જાતના અધિકારપૂર્વક અધ્યયન કરવું જોઈએ.

આ વાત શંકરાચાર્યની નવીન નથી. એ તો વૈદિક ધર્મમાં અંતર્ગત છે. અધ્યયનની સાથે 'વ્રતનિષ્ઠા' નો આપણા અનુભવી પુરુષોએ યોગ સાધ્યો છે. વિદ્યાસ્નાત અને વ્રતસ્નાત એમ બે પ્રકારે માણસ વિદ્યાસંપન્ન થાય છે. કોઈ વિદ્યાર્થી બાર વર્ષ સુધી ગુરુને ઘેર રહીને વિદ્યા ભણ્યો હોય, પણ વ્રત એટલે કે તેનું આચરણ ન કર્યું હોય, તો તેને પૂર્ણ સ્નાતક માનવામાં આવતો ન હતો. એનાથી ઊલટું જો તેણે વ્રત પૂર્ણ કર્યું હોય પણ પૂરી વિદ્યા ન શીખ્યો હોય, તો તે પણ પૂર્ણ સ્નાતક ગણાતો ન હતો. વિદ્યા અને વ્રતનો યોગ એ આપણી વિશિષ્ટ પરંપરા છે.

અદ્વૈત દર્શનના અધ્યયન માટે કેવી જાતનો અધિકાર મેળવવો જોઈએ તેનો નિર્દેશ શંકરાચાર્યે કર્યો છે. આ ચાર જાતના અધિકાર મેળવીને શંકરાચાર્યે ઘણી જ ગંભીરતાથી વિચારોનું અધ્યયન કર્યું હતું. તેના પરિણામે આ પરંપરા ચાલી રહી છે. મને કાલડીનું તો હમણાં જ દર્શન થયું જ્યારે મારી ઉંમર સાઠ વર્ષની થઈ. પરંતુ અહીંથી જગતને જે દર્શન મળ્યું છે તેનું અધ્યયન તો હું નાનપણથી કરતો આવ્યો છું.

કેટલા હજાર વર્ષથી એ જ અધ્યયન-પરંપરા ચાલી રહી છે। તેથી સ્થાયી થઈ ગઈ છે અને તેથી હું અધ્યયન માટે વારે વારે કહ્યા કરું છું.

### સર્વોદય–વિચારને વ્રતનિષ્ઠ અધ્યયનની જરૂર

સર્વોદય-વિચાર એક જીવનવ્યાપી ગંભીર વિચાર છે અને તેને વ્રતયુક્ત અધ્યયનની જરૂર છે. જેમ શંકરાચાર્યે ચાર જાતના અધિકારનો નિર્દેશ કર્યો છે, તેમ ગાંધીજીએ એકાદશ વ્રત બનાવ્યાં છે. બન્નેમાં બહુ થોડો ફરક છે છતાં દૃષ્ટિ એક જ છે. સત્ય, અહિંસા, અપરિગ્રહ વગેરે અગિયાર વ્રતો પર ગાંધીજીએ ઘણો ભાર મૂક્યો છે. તેઓ એના વિષે વારે વારે કહેતા હતા અને એમણે તેમનું જીવન એના પર જ બાંધ્યું હતું. એમનું રાજનૈતિક કાર્ય લોકોની સમક્ષ પ્રત્યક્ષ થયું તેથી મૂળ ભૂમિકાનું લોકોને અદર્શન જેવું થઈ ગયું છે. એટલે આપણે એના વિચારની ગંભીરતામાં ઊંડાણથી જઈ શકતા નથી.

જે વૃત્તિથી એ વ્રતો એમણે આપણી સમક્ષ મૂક્યાં તે વૃત્તિ આપણે સમજીએ અને તે પ્રમાણે આપણે આચરણ કરીએ, તો ભૂદાનયજ્ઞ તો એક રમત જેવી વાત થાય. એ રીતે એમણે વ્રતો પર ઘણો ભાર મૂક્યો છે. પરંતુ અધ્યયન પર ભાર મૂકવાનો ગમે તે કારણસર એમને મોકો મળ્યો નહીં. જો કે અધ્યયનનું મહત્ત્વ એ પોતે સમજતા હતા અને તેમના અંતેવાસીઓને તે વિષે કહેતા હતા. પરંતુ એક ભારી જન–આંદોલન –mass movement—એમણે ચલાવ્યું હતું અને તેની સાથે સાથે કામ કર્યું હતું. તેથી વ્રતોને એમણે જેટલું મહત્ત્વ આપ્યું તેટલું વિદ્યાને આપી શક્યા નહી. મને ખબર છે ત્યાં સુધી આવાં કોઈ જન-આંદોલનની જવાબદારી શંકરાચાર્ય પર નહોતી આવી પડી. છતાં એટલું તો ખરું જ કે તે ત્રણ વાર આખા હિંદુસ્તાનમાં ઘૂમ્યા હતા અને વિચારોના અધ્યયન તરફ એમણે લોકોનું ઘણું ધ્યાન ખેંચ્યું હતું.

### ગાંધીજી, શંકરાચાર્ય અને બુદ્ધ

ગાંધીજી અને શંકરાચાર્યના જીવનમાં કેટલુંક સરખાપણું છે અને

કેટલોક ફેર પણ છે, તેની તરફ હું તમારું ધ્યાન ખેંચું છું. વાસ્તવિક રીતે વિચારની સાથે કોઈ વ્યક્તિનો કે તેના જીવનનો કોઈ સંબંધ ન હોવો જોઈએ. છતાં જે વ્યકિતઓથી કોઈ વિચારનો ઉદ્‌ગમ થયો હોય, તે વ્યક્તિઓનાં જીવન અને વૃત્તિઓની કંઈ ને કંઈ અસર વિચાર પર પડે છે. શંકરાચાર્યના જીવનની સાથે સર્વ-જન-સંપર્કનું કોઈ કાર્ય જોડાયલું ન હતું. આ એક ઊણપ હતી એમ આપણને લાગે છે. તેવી જ રીતે ગાંધીજીના જીવનકાર્યમાં તીવ્ર અધ્યયનની પ્રેરણાની ન્યૂનતા આપણને લાગે છે. આ પૃથક્કરણ મેં આટલા માટે કર્યું છે કે જો આપણે એક પરિપૂર્ણ સર્વવ્યાપી દર્શન કરવા માગતા હોઈએ, તો જે જે વિશેષતા હોય તેનું આપણે પોષણ અને સંવર્ધન કરવું જોઇએ. અને જે જે ખામીઓ નજરે ચડે તે આપણે દૂર કરવી જોઈએ.

## શાંકર વિચારમાં સર્વજન-સંપર્કની ઊણપ અને તેની પૂર્તિ અર્થે સ્તોત્રો

શંકરાચાર્ય હિંદુસ્તાનમાં ત્રણ વખત ઘૂમ્યા. પણ તેમનું કાર્ય વિશિષ્ટ-જન-સંપર્કનું હતું. સર્વજન-સંપર્કનું ન હતું. જો કે એમણે સર્વજનો માટે સ્તોત્રાદિની રચના કરીને આ ન્યૂનતા પૂરી કરવા માટે પ્રયત્ન કર્યો છે. એટલું જો એમણે ન કર્યું હોત તો ઘણી ખામી રહી જાત. પણ પદયાત્રામાં સર્વજન એમની સામે આવતાં હતાં તેમને તેઓ એમ ન જ કહી શકે કે 'તમારે માટે મારી પાસે કંઈ નથી, એ તો વિશિષ્ટ-જનો માટે જ છે.' આ બાબતમાં શ્રી અરવિંદનો દાખલો લઇએ. એમનું એક મહાન તત્ત્વજ્ઞાન છે. પરંતુ એ શંકરાચાર્યની જેમ ઘૂમ્યા નહીં, એટલે સર્વજનોનું એમને દર્શન થયું નહીં. તેથી શંકરાચાર્યે જેમ સર્વજનો માટે સ્તોત્રાદિની રચના કરી, તેવી યોજના એમના તત્ત્વજ્ઞાનમાં દેખાતી નથી.

આજે હું જરા ઊંડું પૃથક્કરણ કરી રહ્યો છું. શંકરાચાર્યમાં સર્વજન-સંપર્કની જે ન્યૂનતા હતી તેની એમણે સ્તોત્રાદિની રચના

કરી પૂર્તિ કરી અને આજે બારસો વર્ષ પછી તેમનાં ભાષ્યોનું અધ્યયન કરનારા કેટલાક લોક ક્વચિત્ નીકળે છે, પણ સર્વજનો માટે તો એમનાં भज गोविंदं भज गोविंदं गोविंदं भज मूढमते ।' જેવાં સ્તોત્રો જ છે. અને એમનાં अर्थमनर्थं भावय नित्यम् ।' જેવાં વાક્યો તો રૂઢ થઈ ગયા છે! જો એ સ્તોત્રોની રચના ન થઈ હોત, તો એટલા પૂરતી ખામી ઊડીને આંખે વળગત પણ તેની પૂર્તિ એમણે કરી લીધી, છતાં તેમનું કોઈ જન-આંદોલનનું કાર્ય ન હતું તેથી સર્વજન સાથે સંપર્ક ઓછો થયો, જે ગાંધીજીને થયો. એવું જ બુદ્ધ ભગવાનનું પણ થયું. તે ગામડાંના લોકોમાં જતા હતા અને ગામડાંની ભાષા બોલતા હતા. આખા હિંદુસ્તાનમાં ઘૂમવાની એમને ખાસ આસક્તિ ન હતી. જ્યાં એ જન્મ્યા હતા ત્યાંની આસપાસ ભાષા જેટલે બોલાતી હતી તેટલું જ તેમના પરિભ્રમણનું ક્ષેત્ર હતું. તેથી બુદ્ધના દર્શનની સાથે સર્વજન-સંપર્કના યોગ થયો. અને જે ખામી શાંકર–વિચારમાં જોવામાં આવે છે તે એમાં નથી. પરંતુ બુદ્ધે તેમના શિષ્યોને ઊંડા વિચારમાં જવા દીધા નહીં. આ બાબતમાં ગાંધીજીની સાથે એમનુ કંઇક સરખાપણું છે. શંકરાચાર્ય વિચારના ઊંડાણમાં ઊતરતા હતા અને તેમના શિષ્યોને પણ ઉતારતા હતા. તેથી બૌદ્ધ દર્શનમાં પાછળથી જે અનેકવિધ મતભેદ પડયા, તેમના શિષ્યોમાં જે અનેકવિધ ગેરસમજો પેદા થઈ, જુદા જુદા સંપ્રદાયો પડયા, તેવું શાંકર-વિચારમાં થયું નથી.

## ગાંધી-વિચારની ઊણપ પૂરવા વ્રતનિષ્ઠ અધ્યયનની આવશ્યકતા

એવો જ ડર ગાંધીજીના વિચારના વિષે છે કારણ કે વિચાર અને અધ્યયનના ઊંડાણ તરફ જેટલું ધ્યાન આપવું જોઇએ તેટલું ધ્યાન આપવામાં આવ્યું નથી. વ્રતનિષ્ઠા તરફ એ ત્રણે મહાપુરુષોએ ધ્યાન ખેંચ્યું છે, ત્રણમાં એ સમાનતા છે. પરતું અધ્યયનના ઊંડાણમાં ઊતરવાનો વિચાર શાંકર-સંપ્રદાયમાં જ જોવામાં આવે છે.

આ પૃથક્કરણને આથી વધુ આગળ હું લઇ જવા માગતો નથી. એને

માટે બીજા મહાપુરુષોની સાથે એમની તુલના કરવી પડશે. અને તેમનાં બધાં કાર્યોમાં શી શી ખામીઓ અને શી શી વિશિષ્ટતાઓ છે તેનું પૃથક્કરણ કરવું પડશે. એ બધું મેં મારા મનમાં કરી રાખ્યું છે, પરંતુ તેને માટે અહીં અવસર નથી અને અવકાશ પણ નથી. પણ હું જે કહેવા માગું છું તે એ છે કે જે કામ આપણે કરી રહ્યા છીએ તેની પાછળ એક દર્શન છે. એની અંદર જે અંતઃશક્તિ રહી છે તે સ્થિર રહે એમ જો આપણે ઇચ્છતા હોઇએ તો તેમાં રહેલી ખામીઓ દૂર કરવી જોઈએ.

એમાં જે વ્રતનિષ્ઠા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે તે પણ બરોબર ધ્યાનમાં રાખવામાં આવતો નથી, કારણ કે ગાંધીજીના કાર્યમાં રાજનીતિનો આભાસ છે અને તેની એમના અનુયાયીઓ ઉપર ઘણી અસર પડી છે. એના પરિણામે ગાંધીજીએ જો કે વ્રતનિષ્ઠા તરફ ઘણું ધ્યાન ખેંચ્યું છે તો પણ તે ધીમે ધીમે ઢીલું પડતું જાય છે. આ ખામી બૌદ્ધ અને શાંકર વિચારમાં દેખાતી નથી, જો કે એ ત્રણેમાં વ્રતનિષ્ઠા સમાન છે, તો પણ બુદ્ધ કે શંકરના વિચારની સાથે રાજનીતિનો આભાસ જોડાયો નહોતો તેથી તેઓમાં વ્રતનિષ્ઠા જીવન્ત રહી, અને ગાંધીજીના વિચારમાં વ્રતનિષ્ઠા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો છતાં તેની અસર મંદ પડતી જાય છે. તેથી લોકોનું ધ્યાન લોકનીતિ તરફ ખેંચવાનો પ્રયત્ન હું વારંવાર કરું છું અને કહું છું કે ગાંધીજીએ જે કંઈ કર્યું છે તે રાજનીતિ નહીં પણ લોકનીતિ હતી. જેથી વ્રતનિષ્ઠા પર જે ભાર મૂક્યો છે તે મંદ ન પડે. બીજી વાત એ કે આપણે વિચારના ઊંડાણમાં ઊતરવું જોઇએ અને અધ્યયનનિષ્ઠ થવું જોઇએ. ગાંધી–વિચારની એ બે ખામીઓમાં એક જે એમની પોતાની નથી પણ પરિસ્થિતિથી ઉપસ્થિત થયેલી છે અને બીજી કદાચ એમની પોતાની જ મનાશે, તે બન્ને ખામી આપણે દૂર કરવી જોઈએ.

જ્યારે હું કોઈ એક વ્યક્તિનું નામ લઈને પૃથક્કરણ કરું છું ત્યારે કંઈ ને કંઈ ભ્રમ ઉત્પન્ન થાય છે. હું એમ કહેવા માગું છું કે જેનું

નામ લઈને ગુણદોષનું હું પૃથક્કરણ કરું છું તેનાથી અલગ રહીને હું વિવેચન કરતો નથી પણ તેની ભૂમિકા પરથી તેની જગ્યાએ હું પોતે છું એમ માનીને વિવેચન કરું છું. અને તે પણ એક વિચાર સમજવા માટે, બુદ્ધ, શંકર કે ગાંધીજી જેવામાં શા શા ગુણદોષો હતા તેની ચર્ચા કરતાં હું આંચકો ખાતો નથી, કેમ કે તે વ્યક્તિ નથી રહ્યા. તેમનું વ્યક્તિત્વ વ્યાપક બની ગયું છે, તેમણે એક વિચારનું જ રૂપ ધારણ કર્યું છે. એટલે તેમનાં નામ લઈને વિશ્લેષણ કરવામાં આવે છે.

કાલડી, ૧૩–૫–'૫૭

## મહામુનિ માર્ક્સ અને તેના શિષ્યો

કેટલાક લોકો માને છે કે કૉમ્યુનિસ્ટો તો ધ્વંસવાદ (ભંગફોડિયા) છે. કૉમ્યુનિસ્ટોના ને આપણા વિચારોમાં ઘણે ઠેકાણે મતભેદો છે અને ત્યાં ત્યાં થોડી થોડી અથડામણ પણ આવે જ છે, પરંતુ કૉમ્યુનિઝમ પોતે ધ્વંસવાદી છે એવું હું નથી માનતો. કૉમ્યુનિઝમ પોતે તો એક ચિંતનીય વસ્તુ છે. કૉમ્યુનિઝમમાં એક એવી મોટી વાત છે જે તે પહેલાંના વિચારોમાં નહોતી. હું તેનું અહીં વિશ્લેષણ નહીં કરું. પરંતુ કૉમ્યુનિઝમ પર ટીકા કરનારી એક નાનકડી વૃત્તિ* મેં લખી છે. તેમાં માર્ક્સનો ઉલ્લેખ કરતાં એને મહામુનિ માર્ક્સ કહ્યો છે. હવે ખૂબી તો એ છે કે મહામુનિ માર્ક્સનો ગ્રંથ વાંચીને ઘણાય લોકોનું હૃદયપરિવર્તન થયું છે ને એ લોકો કૉમ્યુનિસ્ટ બન્યા છે. પણ હવે એ જ કૉમ્યુનિસ્ટ મિત્રોને હૃદયપરિવર્તન પર વિશ્વાસ નથી પડતો! ત્યાં જ મારો અને તેમનો મતભેદ છે. હું તેમને કહું છું કે ભાઈ! તમે પોતે જ હૃદય-પરિવર્તનનું ઉદાહરણ છો, તોયે હૃદયપરિવર્તન નથી થતું તેવું તમે શાથી કહો છો?

### ક્રાંતિ અને કરુણા વચ્ચેની વિસંગતિ તોડવી પડશે

પોચમપલ્લીમાં તદ્દન જ અણુચિંતવી ઘટના બની ત્યારે તે રાત્રે

*કિ. ઘ. મ. ના 'ગાંધી અને સામ્યવાદ (નવજીવન)' ની પ્રસ્તાવના.

મારું ચિંતન ચાલ્યું કે આ શી ઘટના બની? આમાં ઈશ્વરનો કાંઈ સંકેત છે? પરંતુ મેં કહ્યું છે કે ઈશ્વરની સાથે સાથે ગણિત પર પણ મને વિશ્વાસ છે. મેં મનમાં ગણિત ગણવા માંડયું : "ઓછામાં ઓછી પાંચ કરોડ એકર જમીન મેળવવી પડશે ત્યારે આ કામ પાર પડશે." આ વિચાર આવ્યો ને સાથે સાથે મનમાં શંકા અને ભય ઊઠવા લાગ્યાં. મન એવું માનવા તૈયાર નહોતું કે આજે જેવી રીતે સો એકર જમીન મળી છે તેવી રીતે પાંચ કરોડ એકર જમીન પણ મળશે. આમ તર્ક જ્યારે કુંઠિત થતો લાગ્યો ત્યારે મારી આંખો સામે કૉમ્યુનિસ્ટોનું દર્શન ખડું થયું. તેઓનું કાંઇક કામ ત્યાં ચાલતું હતું. તેનું વર્ણન હું અહીં કરવા નથી ઇચ્છતો. પરંતુ તે વખતે હું વિચારવા લાગ્યો કે જો પ્રેમ અને વિચાર સમજાવવા જમીન મળે છે. તે વાત પર મારો સંપૂર્ણ વિશ્વાસ ન જામતો હોય તો મને કૉમ્યુનિષ્ટોની વાત પર વિશ્વાસ રાખવાની ફરજ પડશે. જો અહિંસાનો, સર્વોદયનો વિચાર નકામો છે તો કૉમ્યુનિષ્ટોથી કામ થશે તેવું માનવું પડશે.

આટલા બધા અમે નજીક-નજીક છીએ, એક વર્તુળનાં છેવટનાં બે બિંદુ નજીક-નજીક હોય છે જ્યાં વર્તુળ પૂરું થાય છે ત્યાંથી જ તે શરૂ થાય છે. અર્થાત્ જે સૌથી દૂર હોય છે તે જ સૌથી નજીક હોય છે. કમ્યુ-નિઝમ હિંસાને માન્ય કરે છે. પરંતુ તે કરુણા પ્રેરિત છે તે માનવું પડશે. ઘણી વિચિત્ર વાત છે : કરુણાની પ્રેરણા પણ છે, અને હિંસા પર વિશ્વાસ પણ છે! આ વિસંગતિ આજની નથી, અનાદિ કાળથી ચાલી આવી છે. ગીતા પ્રવચનમાં મેં લખ્યું છે કે એક જમાનામાં જે સર્વશ્રેષ્ઠ અહિંસા-ત્મક પુરુષ હતો તેણે ૨૧ વખત શસ્ત્ર ચલાવ્યું હતું : કારુણ્ય-મૂર્તિ પરશુરામમાં આ વિસંગતિ હતી. દેખીતો જ વિરોધ છેઃ હાથમાં ફરસી છતાં છે કારુણ્ય-મૂર્તિ! તેના જમાનાથી આજ સુધી આ વિસંગતિ ચાલી આવી છે. આપણે આ વિસંગતિ તોડવી છે. શાંતિ અને પ્રેમની શક્તિ સિદ્ધ કરવી છે.

**કાલડી. ૧૦-૫-૫૭**

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*